ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે. કાયદો અને ન્યાયને અનુમોદિત દૈનિક અખબાર
RNI NO. GUJGUJ/2015/63755
Title Code : GUJGUJ15949
GANDHINAGAR

# ક્રાઇમ & જસ્ટિસ

(દૈનિક)
તંત્રી : જયંતિભાઈ પટેલ (મો) 81418 18143
સહતંત્રી : ગૌરાંગ પંડ્યા (મો) 99099 69099
મેનેજીંગ તંત્રી : અક્ષય સૈજા (મો) 76980 39999
● વર્ષ : ૪ ● અંક : ૧૯૧ ● તારીખ : ૧૧-૦૧-૨૦૧૯ ● શુક્રવાર ● પાના નં. ૪ ● કિંમત : ૦.૨૫/- પૈસા ● મોબાઈલ : 81418 18143 ● email : crimejusticedaily@gmail.com

## ગુજરાતનાં ૨૨ એન્કાઉન્ટરનો જસ્ટીસ બેદીનો તપાસ અહેવાલ જાહેર કરો : સુપ્રીમ કોર્ટ



**(એજન્સી) નવીદિલ્હી**

સુપ્રિમ કોર્ટે બુધવારે એક મહત્વપુર્ણ ચુકાદામાં જણાવ્યું કે, ગુજરાતમાં થયેલા ૨૨ ફેક એન્કાઉન્ટર વિશેની તપાસ કરવા માટે નિમાયેલી જસ્ટીસ એચ.એસ. બેદી સમિતિનો રિપોર્ટ ખાનગી રાખી શકાય નહીં અને આ આ રિપોર્ટ જાણિતા ગીતકાર જાવેદ અખ્તર (અરજદાર)ને આપો.સુપ્રિમ કોર્ટે આ અહેવાલને ખાનગી રાખવાની મનાઇ ફરમાવી. કોર્ટે એમ પણ કર્યું કે, આ સમિતિનો એક અહેવાલ ગુજરાત સરકારને પણ આપો.સુપ્રિમ કોર્ટે આ અહેવાલને ખાનગી રાખવાની મનાઇ ફરમાવીજસ્ટીશ બેદીએ ગુજરાતમાં ૨૦૦૨થી ૨૦૦૬ દરમિયાન થયેલા એન્કાઉન્ટર વિશે તપાસ હાથ ધરી હતી. સુપ્રિમ કોર્ટનાં મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઇ અને જસ્ટીસ એલ. નાગેશ્વર રાઓ અને જસ્ટીસ સંજય ક્રિષ્નન કોલે ગુજરાત સરકારની અરજી નકારી દીધી. ગુજરાત સરકારે એવી માંગણી કરી હતી કે, આ અહેવાલ ગુપ્ત રાખવો જોઇએ.ચીફ જસ્ટીસ ગોગોઇએ સવાલ કર્યો કે, આ અહેવાલ આપવા માટે જસ્ટીસ બેદી પ્રમાણિત કરાયા હોય તો એ આપવા માટે સરકાર શા માટે વિરોધ કરે ?ગયા વખતની સુનાવણી દરમિયાન ગુજરાત સરકારે એવી દલીલ કરી હતી કે, જસ્ટીસ બેદી આ રિપોર્ટ જાહેર કરી શકે નહી કેમ કે તેમણે આ રિપોર્ટ આપતા પહેલા મોનિટરીંગ સમિતિનાં સભ્યોને કન્સલ્ટ કર્યા નથી. ગુજરાત સરકારે આ અહેવાલ અરજદારને પણ ન આપવા માટે દલીલ કરી હતી.

## રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને આઈટી વિભાગ દ્વારા ૧૦૦ કરોડની નોટિસ




**(એજન્સી) નવીદિલ્હી**

નેશનલ હેરાલ્ડના મામલે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી અને તેમના માતા તથા યુપીએના ચેરપર્સન સોનિયા ગાંધીને આઈટી વિભાગે ૧૦૦ કરોડની નોટિસ ફટકારી છે. એક અંગ્રેજી અખબારના અહેવાલ પ્રમાણે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ પોતાની આવક ઓછી દર્શાવી છે.જે બદલ આઈટી વિભાગે ૧૦૦ કરોડ રુપિયા આપવાના નીકળતા હોવાનુ કહીને નોટીસ ફટકારી છે.નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા અને રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટે એફિડેવિટ ફાઈલ કરવા માટે કહ્યુ ઉલ્લેખનીય છે કે નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા અને રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટે એફિડેવિટ ફાઈલ કરવા માટે કહ્યુ છે.આ માટે તેમને એક સપ્તાહનો સમય અપાયો છે.સમગ્ર મામલો સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ નીચલી કોર્ટમાં કરેલી ફરિયાદના પગલે ચગ્યો હતો.જેમાં રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી પર સ્વામીએ માત્ર ૫૦ લાખ રુપિયા ચુકવીને કોંગ્રેસની માલિકીવાળા એસોસિયેટેડ જર્નલના અખબાર નેશનલ હેરાલ્ડના ૯૦ કરોડ રુપિયા વસુલ કરવાનો અધિકાર મેળવ્યો હોવાનો આરોપ લગાવ્યો હતો. આ મામલમાં ૧૯ ડિસેમ્બર,૨૦૧૫માં રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને કોર્ટે જામીન આપ્યા હતા.

## કાલકા-શિમલા ટોય ટ્રેનમાં આગ લાગી: ૨૦૦ યાત્રી હેમખેમ બચ્યા

**(એજન્સી) શિમલા**

હિમાચલ પ્રદેશમાં શિમલા અને કાલકા વચ્ચે ચાલતી જાણીતી ટોય ટ્રેનના એન્જિનમાં ગઈ કાલે રાત્રે આગ લાગી હતી. સોલન જિલ્લામાં ટ્રેનના એન્જિનમાંથી અચાનક ધુમાડો નીકળવા લાગ્યો હતો. તે જોતાં ટ્રેનમાં હોબાળો મચી ગયો હતો, પરંતુ આગ પર કાબૂ મેળવી લેવાયો છે. સ્થાનિક લોકોએ પણ આગ બુઝાવવામાં મદદ કરી હતી. ટ્રેનમાં સવાર તમામ યાત્રી સુરક્ષિત છે.વૈશ્વિક ધરોહર જાહેર થઈ ચૂકેલી હિમાલયન ક્વીન યાત્રીઓને કાલકાથી લઈને શિમલા જવા માટે નીકળી હતી. તેની વચ્ચે સોલન જિલ્લાના ધર્મપુર સ્ટેશનથી આગળ વધતાં જ કુમાર હટ્ટી પાસે ટ્રેનના એન્જિનમાંથી અચાનક ધુમાડો નીકળવા લાગ્યો હતો. આ જોઈને યાત્રીઓ ડરી ગયા હતા, જોકે ડ્રાઈવરની સૂઝબૂઝ અને મોટી સંખ્યામાં પહોંચેલા લોકોએ આગ પર કાબૂ મેળવી લીધો હતો અને મોટી દુર્ઘટના થતાં બચી ગઈ હતી.શિમલા અને કાલકાની વચ્ચે ચાલતી ટોય ટ્રેનમાં ઘટના સમયે લગભગ ૨૦૦ યાત્રીઓ સવાર હતા. આ ઘટના બાદ એન્જિનને બદલવામાં આવ્યું અને યાત્રીઓને ફરી વખત શિમલા પહોંચાડાયા. એવું જણાવવામાં આવી રહ્યું છે કે શોર્ટસર્કિટ થવાના કારણે ટ્રેનમાં આગ લાગી હતી.

# પીએમ મોદીનો ડીએમકે, એઆઈડીએમકેને ફરી સાથે લાવવાનો પ્રયાસ

### ભાજપના દિગ્ગજ નેતા અટલ બિહારી વાજપેયીનું નામ લઈને તેમણે તામિલનાડુમાં રાજકીય પક્ષો તરફ મિત્રતાનો હાથ લંબાવ્યો



**(એજન્સી) ચેન્નાઇ**

દેશમાં લોકસભાની ચૂંટણીના પગલે માહોલ રાજકીય રંગે રંગાયેલો છે ત્યારે ૨૦૧૪ની સફળતાનું પુનરાવર્તન કરવા માટેના સમણા નરેન્દ્ર મોદી સેવી રહ્યા છે.

જોકે વિધાનસભા ચૂંટણીમાં હિન્દી બેલ્ટમાં જોરદાર ઝાટકો લાગ્યા બાદ વડાપ્રધાન મોદીએ દક્ષિણ ભારતના રાજ્યો પર પોતાની નજર જમાવી રાખી છે અને તેના ભાગરૂપે તામિલનાડુમાં ચૂંટણીના પાસા ફેંક્યા છે. ભાજપના દિગ્ગજ નેતા ગણાતા અટલ બિહારી વાજપેયીનું નામ લઈને તેમણે તામિલનાડુમાં રાજકીય પક્ષો તરફ મિત્રતાનો હાથ લંબાવ્યો છે. આમાં ડીએમકે, એઆઈડીએમકે અને રજનીકાંતની પાર્ટીનો સમાવેશ થાય છે. ડીએમકે અને એઆઈડીએમકે અગાઉ પણ કેન્દ્રમાં ભાજપના સહયોગી રહ્યા હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તામિલનાડુમાં ભાજપ કાર્યકરોએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ચર્ચા દરમિયાન જૂના સહયોગીઓ સાથે લાવવાનો સંકેત પણ આપ્યો. કાર્યકરો સાથે વાતચીતમાં તેમણે જણાવ્યું કે રાજકીય પક્ષો માટે તેમના દરવાજા હંમેશા ખુલ્લા છે. તેમની પાર્ટી જૂના મિત્રોની કદર કરે છે. તેમણે જણાવ્યું કે અટલજી (અટલ બિહારી વાજપેયી) સફળ ગઠબંધનના રાજકારણની નવી સંસ્કૃતિ લઈને આવ્યા. પીએમ મોદીએ ચૂંટણી પૂર્વે સંભવિત મહાગઠબંધનને રોકવા માટે સહયોગીઓને એકત્ર કરવાનો દાવ રમ્યો છે. તામિલનાડુમાં સત્તાપક્ષ એઆઈડીએમકે, અભિનેતા રજનીકાંતના પક્ષ અથવા ડીએમકે આ પૈકી કોઈની પણ સાથે ગઠબંધનની ચર્ચા અંગે પીએમે જણાવ્યું કે, '૨૦ વર્ષ પૂર્વે, અટલજી ગઠબંધનના રાજકારણની નવી સંસ્કૃતિ લાવ્યા. ભાજપે હંમેશા અટલજીના માર્ગ પર જવાનું અનુસરણ કર્યું છે. પીએમે જણાવ્યું કે એનડીએની મજબૂતી પરસ્પરનો વિશ્વાસ દર્શાવે છે, એમાં કોઈ મજબૂરી નથી છૂપાયેલી. તેમણે વધુમાં જણાવ્યું કે, જ્યારે ભાજપ પક્ષ પૂર્ણ બહુમતથી જીતીને આવ્યો ત્યારે પણ અમે અમારા સહયોગીઓ સાથે સરકાર ચલાવવા માટે પ્રાધાન્ય આપ્યું હતું. નોંધનીય છે કે વાજપેયી સરકાર દરમિયાન ડીએમકે એનડીએનો સહયોગી રહ્યો હતો. જ્યારે કેન્દ્રમાં જયલલિતાના એઆઈડીએમકેએ પણ ભાજપને સમર્થન આપ્યું હતું. અમે જૂના સાથીઓની કદર કરીએ છે અને અમારા દરવાજા રાજકીય પક્ષો માટે હંમેશા ખુલ્લા છે પરંતુ રાજકીય મુદ્દાઓથી વધુ એક વિજયી ગઠબંધન ખરેખર લોકોની સાથે ગઠબંધન છે, તેમ પીએમે વધુમાં જણાવ્યું હતું. આ સાથે જ પીએમે કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા અને જણાવ્યું કે, કેટલાક લોકો એવું વિચારે છે કે કોંગ્રેસની સૌથી મોટી નિષ્ફળતા અર્થતંત્રનું મિસમેનેજમેન્ટ અને કૌભાંડો છે પરંતુ તેમણે આપણા સૈન્ય દળોને પણ ગંભીર નુકસાન પહોંચાડ્યું છે.

## પાકિસ્તાને ગુલાબ જાંબુને બનાવી નેશનલ મીઠાઈ

**(એજન્સી) ઇસ્લામાબાદ**

ગુલાબ જાંબુનું નામ સાંભળીને ઘણા લોકોના મોઢામાં પાણી આવી જાય છે. આ એવી મીઠાઈ છે કે જે એકવાર ખાવાથી મન ભરાતું નથી. ખાસ પ્રસંગો પર બનાવવામાં આવતી મીઠાઈઓમાં ગુલાબ જાંબુ સૌથી આગળ રહે છે. પરંતુ શું આપ જાણો છે કે આ મજેદાર મીઠાઈ એક દેશની નેશનલ મીઠાઈ બની ગઈ છે. હકીકતમાં આપણા પાડોશી દેશ પાકિસ્તાને ગુલાબ જાંબુને નેશનલ મીઠાઈ જાહેર કરી છે. પાકિસ્તાનની સરકારે નાગરિકોને ટ્વિટર પર રાષ્ટ્રીય મીઠાઈની શોધમાં એ પૂછવાનો નિર્ણય કર્યો ગુલાબ જાંબુ, બરફી અને જલેબીમાંથી કયા દેશને રાષ્ટ્રીય મીઠાઈ સ્વરુપે પસંદ કરશો. ત્યારે ગુલાબ જાંબુએ જલેબી અને બરફીને આ રેસમાં હરાવીને પાકિસ્તાનની રાષ્ટ્રીય મીઠાઈનો દરજ્જો પ્રાપ્ત કર્યો છે.

## અમદાવાદ : પતંગો પર છવાયા પીએમ મોદી અને રાહુલ ગાંધી

### ગુજરાતમાં આ વર્ષે પતંગો પર બોલિવુડ સ્ટાર્સથી વધારે નેતાઓના ચહેરાઓ દેખાઈ રહ્યા છે

**(પ્રતિનિધિ) અમદાવાદ**

મકર સક્રાંતિનો તહેવાર ગુજરાતમાં લોકો ધામધુમથી અગાશી પર પતંગ ચગાવીને મનાવે છે. ત્યારે ઉત્તરાયણને લઈને રાજયભરના બજારોમાં રોનક વધી છે. પરંતુ આ વર્ષે આગામી લોકસભા ચૂંટણીની અસર પતંગો પર જોવા મળી રહી છે. હકીકતમાં ગુજરાતમાં આ વર્ષે પતંગો પર બોલિવુડ સ્ટાર્સથી વધારે નેતાઓના ચહેરાઓ દેખાઈ રહ્યા છે. આ નેતાઓમાં વડાપ્રધાન મોદીથી લઈને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના નામનો પણ સમાવેશ થાય છે.તો ગુજરાતના રાજકોટ શહેરમાં આખુ બજાર નેતાઓના ફોટા વાળા પતંગોથી ભરાયેલું છે. આ પતંગોમાં મોદી અને રાહુલ ગાંધીના ફોટા વાળા પતંગો ખાસ છે. તો કેટલાક પતંગો પર વડાપ્રધાન મોદી અને રાહુલ ગાંધીના ફોટો એક સાથે છે જેના પર લખ્યું છે કે કિસમે કિતના હે દમ. આપને જણાવી દઈએ કે મોદી અને રાહુલ ગાંધી સીવાય ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ સહિત ઘણા નેતાઓના ફોટા પતંગ પર દેખાઈ રહ્યા છે. તો કેટલાક પતંગોમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પણ દેખાઈ રહ્યું છે.પતંગ વ્યાપારીઓએ ગ્રાહકોને આકર્ષવા માટે આ અનોખી રીત અપનાવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર નેતાઓના ફોટા વાળા પતંગોની કિંમત ૪૦-૫૦ રુપિયા એક કોડીના છે. તો આ સાથે જ મોટા નેતાઓના ફોટા વાળા પતંગની કિંમત વધુ હોઈ શકે છે.નેતાઓના પતંગની વચ્ચે આ વર્ષે સેલીબ્રીટીના ફોટો ઓછા દેખાઈ રહ્યા છે. બજારમાં મોટાભાગના પતંગો પર નેતાઓના ફોટો છે.

## હાર્દિક પંડ્યાને 'કોફી વીથ કરણ'માં સેક્સ વિશેની ટિપ્પણી બદલ બીસીસીઆઈની નોટિસ

### ૨૫ વર્ષીય ગુજરાતી ક્રિકેટરે ટ્વીટ કરીને કહ્યું- તે બહેકી ગયો હોવાથી આવી ટિપ્પણી કરી હતી

**(એજન્સી) નવીદિલ્હી**




ભારતીય ક્રિકેટર હાર્દિક પંડ્યાને એક જાણીતા સેલિબ્રિટી ચેટ શોમાં અભદ્ર ટિપ્પણી કરવાનું ભારે પડી ગયું છે. જો કે આ શોમાં તેણે કહેલા શબ્દોથી હોબાળો મચ્યો હતો. આટલું જ નહીં ભારતીય ક્રિકેટ બોર્ડે પણ આની ગંભીર નોંધ લીધી હોવાથી અંતે હાર્દિક પંડ્યાની શાન ઠેકાણે આવી હતી અને તેણે ટ્વિટર પર આવા નિવેદન બદલ માફી માંગતું ટ્વીટ પણ કર્યું હતું. બીસીસીઆઈએ આ હાર્દિક પંડ્યા અને કે એલ રાહુલ બન્ને ક્રિકેટર્સને બુધવારે કારણ દર્શાવો નોટિસ ફટકારી છે. આ બન્ને ક્રિકેટર્સને કારણ દર્શાવો નોટિસ આપવામાં આવી છે અને ૨૪ કલાકમાં તેમને જવાબ આપવા જણાવાયું છે તેમ બીસીસીઆઈની વહીવટી સમિતિના ચેરમેન વિનોદ રાયે જણાવ્યું હતું.સેલિબ્રિટી ચેટ શો કોફી વીથ કરણમાં હાર્દિક પંડ્યા અને લોકેશ રાહુલ બન્નેએ હિસ્સો લીધો હતો. આ શોમાં બન્ને ક્રિકેટર્સે મહિલાઓ પ્રત્યે તેમના વર્તન અંગે ટિપ્પણી કરી હતી. આ ઉપરાંત હાર્દિક પંડ્યાએ પોતાના જાતિય સંબંધો વિશે તેના પરિવારને જણાવવાની વાત રજૂ કરી હતી. આમ બન્ને ક્રિકેટર્સના નિવેદનને લઈને ફેન્સ ઘણા નિરાશ થયા હતા. જો કે હાર્દિક પંડ્યાને પોતાના શબ્દો પ્રત્યે મોડે મોડે અહેસાસ થતા તેણે ટ્વિટર પર ટ્વીટ કરીને માફી માંગતું નિવેદન કર્યું છે. પંડ્યાએ જણાવ્યું હતું કે, 'આ શોમાં તે બહેકી ગયો હતો અને તેના બદલ તે દિલગીર છે,' પંડ્યાએ સ્પષ્ટતા કરી કે, 'તેનો ઈરાદો કોઈની લાગણી દુભાવવાનો નહતો.' જો કે હવે આ બન્ને ક્રિકેટર્સે ચેટ શોમાં કરેલા સ્ટેટમેન્ટને ભારતીય ક્રિકેટ બોર્ડે ગંભીરતાપૂર્વક નોંધ લીધી છે.બીસીસીઆઈના એક વરિષ્ઠ અધિકારીએ આ મામલે જણાવ્યું કે, પંડ્યાએ મહિલાઓના સન્માન કરવાને બદલે કેવા શબ્દોનો પ્રયોગ કર્યો તેના કરતા આ બાબત એટલા માટે વધુ ગંભીર છે કે આંતરાષ્ટ્રીય ક્રિકેટર્સે તેમની જવાબદારી વધુ સારી રીતે સમજવી જોઈએ. પંડ્યાએ કરણના ચેટ શોમાં અનેક મહિલાઓ સાથે લફરાંની વાતનો એકરાર કર્યો હતો અને તેનાથી વધુ તેણે ઘરે પોતાના માતા-પિતા સમક્ષ પણ પોતાની 'વર્જિનિટી' ભંગ કર્યાની વાત કબૂલી હોવાનું જણાવ્યું હતું. હાર્દિકે શોમાં જણાવ્યું કે એક દિવસ તેણે પેરેન્ટ્સને કહ્યું કે- 'આજ મે કર કે આયા.' આ શો દરમિયાન હોસ્ટે તેને પ્રશ્ન પૂછ્યો કે તે શા માટે ક્લબમાં મહિલાઓને તેનું નામ નથી પૂછતો. પંડ્યાએ વળતા જવાબમાં કહ્યું કે, 'હું તેમને જોઈને નિહાળું છું તેઓ કઈ રીતે મૂવ કરે છે. હું થોડો શ્યામ હોવાથી ફક્ત પહેલા જોઉં છું કે તેઓ કેવી રીતે મૂવ કરે છે.' પંડ્યાના આ નિવેદનને લઈને ફેન્સ તેમજ મહિલાઓમાં વધુ રોષ ભભૂક્યો હતો.

## આલોકનાથ પરનાં તમામ આરોપો એકતરફી પ્રેમને કારણે હોય તેવું બની શકે છેઃ કોર્ટ

**(એજન્સી) મુંબઇ**

વિન્તા નંદાનાં આક્ષેપોનાં આધારે દુષ્કર્મનાં મામલામાં આલોકનાથને કોર્ટે ધરપકડ પહેલા જ જામીન આપી દીધા છે. કોર્ટે કહ્યું કે, અભિનેતા સામે ખોટા અને અપમાનજનક આરોપોનાં આધારે કેસ નોંધાવાયો છે. કોર્ટે આ નિર્ણય ગત સપ્તાહે જ આપ્યો હતો, પરંતુ આ નિર્ણયને થોડા સમય પહેલા જ જાહેર કરવામાં આવ્યો છે.કોર્ટનાં ન્યાયાધીશ જીજી ઓઝાએ કહ્યું કે, સ્ક્રીન રાઈટર વિન્તા નંદાએ અંગત દુશ્મનીને કારણે અભિનેતા પર ગંભીર અને ખોટા આરોપ લગાવ્યા હતા.ચુકાદામાં જજે જણાવ્યું કે- આ આરોપો આલોકનાથ પ્રત્યેના એકતરફા પ્રેમને કારણે લગાવવામાં આવ્યા હોય તેવુ લાગી રહ્યું છે. અભિનેતા પર સ્પષ્ટ રીતે અપમાનજનક, જુઠ્ઠા, અને કાલ્પનિક આરોપોનાં આધારે કેસ દાખલ કરાયો હતો. જેમાં તદ્દન ખોટા આક્ષેપોથી આલોકનાથને ઘેરી લેવામાં આવ્યા છે.. જજે આગળ કહ્યું- આલોકનાથની પત્ની અને વિન્તા નંદા વચ્ચે ૧૯૮૦ દરમિયાન ચંદીગઢમાં કોલેજનાં સમયથી મિત્રતા હતી. બન્ને મુંબઈમાં એક ટીવી સિરીયલની પ્રોડક્શન યુનિટમાં કામ કરતી હતી. ત્યારે બન્નેની મુલાકાત આલોકનાથ સાથે થઈ હતી. ત્રણે વચ્ચે ગાઢ મિત્રતા હતી. ૧૯૮૭માં આલોકનાથે આશુ સાથે લગ્ન કર્યા હતા. ન્યાયાધીશે કહ્યું કે, મિત્રનાં લગ્ન બાદ વિન્તા પોતાની જાતને એકલી અનુભવવા લાગી હતી, કારણે કે તેને તેની સૌથી સારી મિત્રને ગુમાવી દીધી હતી. સાથે એવું પણ બની શકે છે કે આલોકનાથ પ્રત્યેનાં એકતરફા પ્રેમ અને લાગણીને કારણે તેને આ પ્રકારનાં આરોપ લગાવ્યા હતા. આ મામલામાં વિન્તાને તમામ વાતો યાદ છે પરંતુ તારીખ અને મહિનો યાદ નથી. તમામ તથ્યોને ધ્યાનમાં લેતા કહી શકાય છે કે અભિનેતાને ખોટા આરોપોમાં ફસાવવામાં આવી રહ્યો છે.

## ભારત બંધ હિંસક : પશ્ચિમ બંગાળમાં બસ પર પથ્થરમારો : બે વિદ્યાર્થી ઘાયલ

### કોલકાતામાં દેખાવકારોએ કેટલાય સ્થળોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પૂતળાં સળગાવ્યા હતા




**(એજન્સી) કોલકાતા**

સેન્ટ્રલ ટ્રેડ યુનિયનોની રાષ્ટ્રવ્યાપી હડતાળ અને બંધનો આજે બીજો દિવસ છે. દેશભરના ૧૦ ટ્રેડ યુનિયનોના ૨૦,૦૦૦થી વધુ કર્મચારીઓ આ હડતાળ અને બંધમાં જોડાયા છે. આજે બીજા દિવસે પશ્ચિમ બંગાળમાં બંધ હિંસક બન્યું હતું. પશ્ચિમ બંગાળના હાવરામાં એક બસ પર દેખાવકારોએ પથ્થરમારો કરતાં શાળાના બે વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. કોલકાતામાં જારી હડતાળમાં જોડાવાને લઈને આજે સવારે સીપીએમના નેતા સુજન ચક્રવર્તીની ધરપકડ કરવામાં આવી હતી. આમ, આજે પશ્ચિમ બંગાળમાં હિંસાની છૂટી છવાઈ ઘટનાઓ ઘટી હતી. પશ્ચિમ બંગાળમાં આજે બંધના બીજા દિવસે બસ ડ્રાઈવરોને સરકાર દ્વારા હેલ્મેટ પહેરવાની સલાહ આપવામાં આવી છે.

મુંબઈમાં આજે બેસ્ટ બસોની હડતાળને કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. બેસ્ટના ૩૩,૦૦૦થી વધુ કર્મચારીઓ હડતાળ પર ઊતરી ગયા હતા. રોજ લાખો યાત્રીઓને લઈ જતી ૧,૮૧૨ બેસ્ટની બસો આજે સડકો પરથી ગાયબ રહેતાં રસ્તાઓ સૂમસામ ભાસી રહ્યા હતા. બેસ્ટની હડતાળથી ૨૫ લાખ લોકો પ્રભાવિત થયા છે.

અહેવાલો અનુસાર સોમવારે મધરાતે બેસ્ટની ૧૦ બસોમાં તોડફોડ અને મારપીટની ઘટનાઓ ઘટી હતી. મુંબઈમાં વડાલા રામમંદિર પાસે બે, ધારાવી પીએમજીપી કોલોની, મલાડ પશ્ચિમ, માગાઠાણે ડેપો નજીક, મલાડ પઠાણવાડી વગેરે સ્થળોએ એક એક બસમાં તોડફોડ થવાની ઘટનાઓ બની હતી. વડાલા ડેપોની નજીક પથ્થરમારો થતાં બસ ડ્રાઈવર ઘાયલ થયો હતો. ભારત બંધના બીજા દિવસે કેરળમાં પણ રેલ રોકો આંદોલન ચાલુ રહ્યું છે. ત્રિપુરામાં બંધની અસર મિશ્ર જોવા મળી છે. સરકારી ટ્રાન્સપોર્ટ સેવાઓ યથાવત રહી છે. આજે ટ્રેડ યુનિયનોએ નવી દિલ્હીમાં મંડી હાઉસથી સંસદ ભણી વિરોધ કૂચ કાઢવાની જાહેરાત કરી છે. કોલકાતામાં દેખાવકારોએ કેટલાય સ્થળોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પૂતળાં સળગાવ્યા હતા. કર્ણાટકમાં પણ બંધને કારણે ટ્રેન સેવાઓ પ્રભાવિત થઈ છે. દિલ્હીના પડપટગંજ વિસ્તારમાં ઓલ ઈન્ડિયા સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ટ્રેડ યુનિયનના સભ્યો વિરોધ દેખાવો કરી રહ્યા છે. નોર્થ ૨૪ પરગણા જિલ્લામાં શાળાની સ્કૂલ બસ પર હુમલો થયો હતો.પૂર્વોત્તરમાં પણ નાગરિકતા સુધારા વિધેયક વિરુદ્ધ બંધ પાળવામાં આવી રહ્યો છે. પશ્ચિમ બંગાળમાં ડાબેરી પક્ષોના સમર્થકોને પોલીસ સાથે જાધવપુરમાં અથડામણ થયાના સમાચારો મળી રહ્યા છે.

ક્રાઈમ & જસ્ટિસ

તંત્રી લેખ......

## વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૭૫ ગીગાવોટ ઉર્જા ઉત્પાદન કરવાનું લક્ષ્ય

૨૦૨૨ સુધીમાં રાજ્યમાં ૧૭૫ ગીગાવોટ ઉર્જા ઉત્પન્ન કરવાનો લક્ષ્ય હોવાનું નિવેદન ઉર્જા પ્રધાન સૌરભ પટેલે આપ્યુ છે. તેમણે જણાવ્યુ છે કે આગામી ત્રણ વર્ષમાં ૧૫ હજાર મેગાવોટ પુન: પ્રાપ્તિ ઉર્જા માટેનો પ્લાન છે.ઉર્જા પ્રધાન સૌરક્ષ પટેલે જણાવ્યું કે, વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૭૫ ગીગાવોટ રિન્યુઅલ ઉર્જા ઉત્પાદન કરવાનું અમારૂ લક્ષ્ય છે. હાલ રાજ્યની વીજ ક્ષમતામાં પુન પ્રાપ્ય ઉર્જાનો હિસ્સો ૭૬૪૫ મેગાવોટ છે, જે ૨૮ ટકા છે. ૨૨૯૨૨ મેગાવોટ એટલે કે, ૫૩ ટકા સાથે બમણી રિન્યુએલ એનર્જી ઉત્પાદન કરવાનું લક્ષ્ય છે.તેમણે કહ્યું કે, અગામી ત્રણ વર્ષમાં ૧૫ હજાર મેગાવોટ પુન પ્રાપ્તિ ઉર્જાનો પ્લાન છે, પીપાવાવ ખાતે મધદરિયે ૧૫ હજાર કરોડના મૂડી રોકાણ સાથે ૧ હજાર મેગાવોટનો પવન ઉર્જા પ્લાન્ટ કેન્દ્ર સરકાર સ્થાપિત કરશેત્રણ વર્ષ દરમ્યાન ૧૦ હજાર મેગાવોટ સૌર ઉર્જા અને ૫ હજાર મેગાવોટ પવન ઉર્જા ઉત્પાદિત કરાશે.સૌરભ પટેલે કહ્યું કે, ધોલેરા ખાતે ૫ હજાર મેગાવોટનો સોલાર પાર્ક તથા ૧ હજાર મેગાવોટનું ટેન્ડર બહાર પડશે. જ્યારે પીપાવાવ ખાતે મધદરિયે ૧૫ હજાર કરોડના મૂડી રોકાણ સાથે ૧ હજાર મેગાવોટનો પવન ઉર્જા પ્લાન્ટ કેન્દ્ર સરકાર સ્થાપિત કરશે.તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકાર વિજળી ખરીદશે. કચ્છમાં રાજ્ય સરકાર હાઈબ્રિડ સ્થાપશે. ૩૦ હજાર મેગાવોટનું વીજળી ઉત્પાદનનું લક્ષ્યાંક છે. જ્યારે રાધા નેસડા ખાતે ૭૦૦ મેગા વોટ અને હર્ષદ ખાતે ૫૦૦ મેગાવોટનો સોલાર ઉર્જા પાર્ક સ્થપાશે. ૪૦ વર્ષના ભાડા પટ્ટા પર જમીન આપવામાં આવશે.

# ૧૮ નગરપાલિકાઓમાં એનએ સહિતની મહેસૂલપ્રક્રિયા ઝડપી બનાવવા ઊભી કરાઈ ખાસ વ્યવસ્થા...

## નવી જગ્યાઓ અને કચેરીના નિર્ણયથી શહેરી વિસ્તારોના નાગરીકોને મહેસૂલી સેવાઓ મેળવવામાં વધુ સુગમતા રહેશે

**(પ્રતિનિધિ) ગાંધીનગર**

મહેસૂલપ્રધાન કૌશિક પટેલે મહત્ત્વનો નિર્ણય જાહેર કરતાં જણાવ્યું કે, પ્રજાલક્ષી કલ્યાણકારી વિવિધ યોજનાઓમાં નોંધપાત્ર વધારો થવાથી સ્થાનિકકક્ષાએ સરળતાથી અને નજીકના અંતરે મહેસૂલી સેવા મળે તે માટે ૧ લાખથી વધુ વસ્તી ધરાવતી 'અ' વર્ગની ૧૮ નગરપાલિકા વિસ્તારોમાં હાલની મામલતદાર કચેરીઓનું વિભાજન કરી મામલતદાર (ગ્રામ્ય) અને મામલતદાર (શહેર) એમ બે અલગ કચેરીઓ ઉભી કરવામાં આવશે. સરકારે નિર્ણય લીધો છે તે અન્વયે તાત્કાલીક અસરથી ૧૮ નગરપાલિકા વિસ્તારો (૧) અમરેલી (૨) ભૂજ (૩) કલોલ (૪) વેરાવળ (૫) ગોધરા (૬) પાટણ (૭) પોરબંદર (૮) પાલનપુર (૯) ડીસા (૧૦) ભરૂચ (૧૧) બોટાદ (૧૨) મહેસાણા (૧૩) જેતપુર (૧૪) ગોંડલ (૧૫) મોરબી (૧૬) વાપી (૧૭) વલસાડ (૧૮) સુરેન્દ્રનગર મામલતદાર (શહેર)ની અલગ કચેરીઓ ઉભી કરવામાં આવશે. મામલતદાર (શહેર)ની નવી જગ્યાઓ અને કચેરીના નિર્ણયથી શહેરી વિસ્તારોના નાગરીકોને મહેસૂલી સેવાઓ મેળવવામાં વધુ સુગમતા રહેશે.પટેલે જણાવ્યું કે, બિનખેતી બાબતે રાજ્ય સરકાર દ્વારા લીધેલા નિર્ણયોને આગળ વધારતા કલેકટર કચેરી કક્ષાએ સત્તાનું વિકેન્દ્રીકરણ કરી બિનખેતી પરવાનગીની સત્તાઓ કલેકટરકક્ષાએ તથા નિવાસી અધિક કલેકટરકક્ષાએ વહેંચવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધેલ છે. જે મુજબ સી અને ડી કક્ષાની નગરપાલિકાઓ, છેલ્લી વસ્તી ગણતરી મુજબ રાજ્યના ૩ હજારથી ઓછી વસ્તી ધરાવતા ગામોમાં અને ૧ એકર સુધીની જમીન મર્યાદામાં બિનખેતી પરવાનગી આપવાની સત્તા નિવાસી અધિક કલેકટરને સોંપવામાં આવેલ છે જયારે તે સિવાયના તમામ વિસ્તારો માટે બિનખેતી પરવાનગી આપવાની સત્તા કલેકટરશ્રી હસ્તક રાખવામાં આવેલ છે. મહેસૂલી પ્રક્રિયાનું ડીઝીટાઈઝેશન થાય તે પ્રક્રિયાને આગળ વધારતા બિનખેતી પરવાનગી મેળવ્યાં બાદ સિસ્ટમ જનરેટેડ બિનખેતી પરવાનગી હુકમની સીધી જ નોંધ ઈ-ધરામાં થાય તેવી વ્યવસ્થા ફેબ્રુઆરી ૨૦૧૯થી અમલી બનશે.

## રણવીર સિંહની 'સિંબા' ૧૨માં દિવસે ૨૦૦ કરોડની કલબમાં સામેલ

### રણવીર સિંહની સિંબા બીજા સપ્તાહે પણ બોક્સ ઓફિસ પર ધુમ મચાવી રહી છે

**(એજન્સી) નવીદિલ્હી**




બોલીવુડ બોક્સ ઓફિસ પર ૨૦૧૮ના અંતિમ શુક્રવારે રિલીઝ થયેલી રણવીર સિંહ અને સારા અલી ખાનની ફિલ્મ સિંબાનો જાદૂ દર્શકો પર છવાયો છે. ફિલ્મએ રિલીઝ પહેલા ૨૦.૭૨ કરોડ રૂપિયાની કમાણી સાથે શાનદાર શરૂઆત કરી હતી. તો હવે ફિલ્મએ બોક્સ ઓફિસ પર ડબલ સદી ફટકારી દીધી છે. પાંચમાં દિવસે ૧૦૦ કરોડની ક્લબમાં સામેલ થનારી ફિલ્મએ હવે પોતાના ૧૨મા દિવસે બેવડી સદી મારી દીધી છે. વર્ષ ૨૦૧૮ની શરૂઆતમાં જ્યાં રણવીર સિંહે ફિલ્મ પદ્માવતથી ૩૦૦+ કરોડનો વ્યાપાર કરીને શરૂઆત કરી હતી તો વર્ષના અંતમાં તેણે સિંબાથી બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી દીધી છે. ટ્રેડ એનાલિસ્ટ તરન આદર્શે ફિલ્મના બોક્સ ઓફિસ કલેક્શન વિશે જણાવતા ટ્વીટ કર્યું છે. ડાયરેક્ટર રોહિત શેટ્ટીની ફિલ્મ સિંબાએ પાંચ દિવસમાં ૧૦૦ કરોડનો આંકડો પાર કર્યો તો હવે ૧૨માં દિવસે ૨૦૦ કરોડનો વ્યાપાર કરી લીધો છે. બોક્સ ઓફિસ પર ફિલ્મએ ૨૦૨ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે.

## 'ગલી બોય'નું ટ્રેલર રિલીઝ કરાયું; રણવીરનો ફાંકડો અભિનય

### ટ્રેલરમાં રણવીરનો લુક 'બાજીરાવ મસ્તાની' કે 'પદ્માવત'ના પાત્રોની સરખામણીમાં એકદમ અલગ પ્રકારનો

**(એજન્સી) મુંબઇ**

હાલમાં જ 'સિમ્બા' તરીકે રૂપેરી પડદા પર રજૂ થયેલો રણવીર સિંહ હવે દર્શકો સમક્ષ આવી રહ્યો છે 'ગલી બોય' બનીને. આ ફિલ્મ જાણીતા રેપર ડિવાઈનનાં જીવન પર આધારિત છે. ફિલ્મમાં રણવીર સિંહ એક સડકછાપ રેપરની ભૂમિકા કરી રહ્યો છે.રણવીર સિંહ અને આલિયા ભટ્ટને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી ફિલ્મ 'ગલી બોય'નું ટ્રેલર આજે અહીં મિડિયાકર્મીઓ સમક્ષ રિલીઝ કરવામાં આવ્યું હતું. ટ્રેલર લોન્ચ પ્રસંગે મિડિયાકર્મીઓનું મનોરંજન કરવાની તક રણવીરે ઝડપી લીધી હતી અને એણે હિપ-હોપ સ્ટાઈલમાં પરફોર્મ કર્યું હતું. એણે ફિલ્મનું ટીઝર ગીત 'અસલી હિપ હોપ' જાતે ગાયું હતું. ટ્રેલર જોઈને કહી શકાય કે ફિલ્મ રિલીઝ થશે ત્યારે બોક્સ ઓફિસ પર ધમાલ મચાવશે, કારણ કે આ ફિલ્મ યુવા વ્યક્તિઓને આકર્ષિત કરશે.ટ્રેલરમાં રણવીરનો લુક 'બાજીરાવ મસ્તાની' કે 'પદ્માવત'ના પાત્રોની સરખામણીમાં એકદમ અલગ પ્રકારનો છે. એ વધારે યુવાન વયનો, 'બેન્ડ બાજા બારાત' ફિલ્મ વખતના રણવીર જેવો દેખાય છે.ટ્રેલરમાં 'ગલી બોય' રણવીર સિંહ અને સફીના આલિયા ભટ્ટનાં પ્રેમનીઝલક પણ જોવા મળે છે. ફિલ્મમાં રણવીર રેપ



આર્ટિસ્ટનો રોલ કરી રહ્યો છે જે સંઘર્ષ કરી રહ્યો છે.આલિયાનું પાત્ર પણ એકદમ બહાદુર છોકરીનું છે.એક્સેલ એન્ટરટેનમેન્ટના બેનર હેઠળ ફરહાન અખ્તર અને રિતેષ સિધવાની તથા ટાઈગર બેબી પ્રોડક્શન્સના બેનર હેઠળ ઝોયા અખ્તરે આ ફિલ્મનું નિર્માણ કર્યું છે. ફિલ્મ આગામી ૧૪ ફેબ્રુઆરીએ રિલીઝ થવાની છે.ટ્રેલર લોન્ચ પ્રસંગે મિડિયાકર્મીઓ સમક્ષ આ ત્રણેય જણ હાજર હતાં. આ ફિલ્મ બનાવવામાં પોતાને કેવી રીતે પ્રેરણા મળી હતી એની જાણકારી ઝોયાએ આપી હતી.

## ભારતીયો માટે યુકેના વીઝા થયા મોંઘાદાટ

### હેલ્થ સરચાર્જમાં કરાયો તોતિંગ વધારો

**(એજન્સી) નવીદિલ્હી**

વિદ્યાર્થીઓ, વ્યવસાયિકો અને પરિવારના સભ્યો જ્યારે વિઝા માટે અરજી કરે ત્યારે ચૂકવવા પડતા ઈમિગ્રેશન હેલ્થ સરચાર્જમાં વધારો કરવાને પગલે ભારતીયો અને બિનયુરોપનિયન સંઘના નાગરિકો માટેના યુકેના વિઝા મોંઘાં થશે. ઈમિગ્રેશન હેલ્થ સરચાર્જ ૨૦૧૫માં દાખલ કરવામાં આવ્યો હતો. આ સરચાર્જને પગલે યુકેમાં રોકાણ દરમિયાન નેશનલ હેલ્થ સર્વિસનો લાભ મળી




શકશે. ૨૦૧૫થી છ મહિના માટે ભારતીયો અને બિનયુરોપિયન સંઘના નાગરિકોને વિઝા પરના સરચાર્જથી ૬,૦૦૦ લાખ પાઉન્ડથી વધુ એકત્ર કરાયા છે.ગૃહ ખાતાના પ્રવક્તાએ જણાવ્યું કે, ઈમિગ્રેશન હેલ્થ સરચાર્જ ૮મી જાન્યુઆરી ૨૦૧૯થી બમણો થશે એ વાતનું અમે સમર્થન કરીએ છીએ. આ સરચાર્જ વર્ષ દીઠ ૨૦૦ પાઉન્ડ હતો, જે વધારીને ૪૦૦ પાઉન્ડ થશે, જ્યારે વિદ્યાર્થીઓ અને યૂથ મોબિલિટી સ્કીમ હેઠળ આ સરચાર્જ ૧૫૦ પાઉન્ડ હતો, જે વધીને ૩૦૦ પાઉન્ડ થશે. તેમણે વધુમાં જણાવ્યું કે, જેઓ ૮મી જાન્યુઆરી કે તે પછી વિઝા અરજી કરશે, તેઓએ નવા સરચાર્જ પ્રમાણે ચૂકવવા પડશે.જો કે યુકેમાં કાયદેસર વસવાટ બાદ પરમેનન્ટ રેસિડન્ટનો દરજ્જો મેળવશે, તેના ઉપર આ ઈમિગ્રેશન હેલ્થ સરચાર્જ લાગુ પડશે નહીં. આ વધારાનો બ્રિટિશ એસોસિયેશન ઓફ ફિઝિશિયન્સ ઓફ ઈન્ડિયન ઓરિજિને વિરોધ કર્યો છે. આ એસોસિયેશને ગૃહ મંત્રી સાજિદ જાવેદને પત્ર લખી સરચાર્જનો વધારો પડતો મૂકવા કહ્યું છે.આ સરચાર્જમાં વધારો ઝીંકાતા ભારતના તમામ વિઝા અરજદારોને અસર કરશે, જેમાં વ્યવાસિયકો, વિદ્યાર્થીઓ તેમજ પરિવારના સભ્યોએ વધુ સરચાર્જ ચૂકવવો પડશે. ઉદાહરણ તરીકે જોઈએ તો એક ભારતીય વ્યવસાયિકનો પરિવાર ચાર સભ્યોનો હોય તો તેણે દર વર્ષે ૧૬૦૦ પાઉન્ડ ચૂકવવા પડશે. ઉપરાંત બીજી વિઝા સંબંધિત ફી તો ચૂકવવાની રહેશે જ.

## ૬૦ વર્ષ બાદ દેવસ્થાનોના દેવો બદલવાનો અનોખો ઉત્સવ : આદિજાતિ સંસ્કૃતિની સુવાસ

### છોટાઉદેપુર જિલ્લાના છેવાડે, છેક મધ્યપ્રદેશની સરહદે આવેલા ભોરદા ગામમાં ખૂબજ ઉમંગ અને ઉત્સવના વાતાવરણમાં શરૂ થયો

**(એજન્સી) છોટાઉદેપુર**

વડોદરા જિલ્લાના વિભાજનથી છોટાઉદેપુરના હિસ્સે આવેલી આદિજાતિ સંસ્કૃતિ અનેકવિધ વૈવિધ્યથી સમૃધ્ધ છે. આદિજાતિ સંસ્કૃતિમાં જન્મ, મરણ, વિવાહ, લગ્ન, હોળી, દીવાળી, દીવાસો જેવા પર્વો, ઉત્સવો સાથે સંકળાયેલા વિવિધતાભર્યા રીતરીવાજો, સંગીત, નૃત્ય, ગીતોનો અખૂટ અને અવનવો વારસો અનાદિકાળથી ચાલ્યો આવે છે અને આજે પણ સચવાયો છે.આવો જ એક ઉત્સવ છે ગામદેવતાની પેઢી બદલવાનો જે હાલમાં છોટાઉદેપુર જિલ્લાના છેવાડે, છેક મધ્યપ્રદેશની સરહદે આવેલા ભોરદા ગામમાં ખૂબજ ઉમંગ અને ઉત્સવના વાતાવરણમાં શરૂ થયો છે અને આખું ભોરદા ગામ હરખની હેલીમાં ઘેલુ થયું છે.ભોરદાના ગામ વડીલ કૈલાશભાઇ રાઠવાએ જણાવ્યું કે, અમે સાવ નાના હતાં ત્યારે ગામના દેવતા (બાબાદેવ) બદલવામાં આવ્યાં હતાં. તે પછી અંદાજે ૫૦ થી ૬૦ વર્ષ પછી ગામને આંગણે આ અવસર આવ્યો છે. ગત ૬ જાન્યુઆરી ના રોજ ગામ સમસ્તની બેઠકમાં કાર્યક્રમ ઘડી કાઢવાની સાથે આ ગ્રામ ઉત્સવની શરૂઆત થઇ હતી.ગામની નવી પેઢીના અશોકભાઇ રાઠવા અને મિત્રો જીવનમાં પહેલીવાર ગામદેવતાનો ઉત્સવ માણવાનો રોમાંચ અનુભવી રહ્યાં છે. તેમણે જણાવ્યું કે ભોરદા ગામમાં ચાર મુખ્ય અને નવ પેટા દેવસ્થાનો છે અને આ ઉત્સવમાં તમામ દેવના ખૂંટા અને તેમનું રાચરચીલું, સાધન સરંજામ બદલવાનુ આયોજન સમસ્ત ગામે ભેગા થઈને કર્યું છે. ગામ લોકોના ફાળાથી આ સમગ્ર આયોજન કરવામાં આવ્યું છે.આદિજાતિ વિસ્તારમાં મુખ્યત્વે સાગના લાકડામાંથી દેવોના ખૂંટા ઘડવામાં આવે છે. દાયકાઓનો સમય પસાર થવાને લીધે આ પૈકી ઘણા ખૂંટા ખંડિત થાય છે. જર્જર બને છે. એમના ઘોડાની ભાંગતૂટ થઇ હોય છે. એટલે પેઢી બદલવાના ઉત્સવ હેઠળ આ દેવો અને તેમનો સાજ સરંજામ સંપૂર્ણ શ્રધ્ધા અને ભક્તિની વાતાવરણમાં, આદિવાસી સંસ્કૃતિની નિર્ધારીત પરંપરાઓ અનુસરીને બળવા, પૂજારા અને પટેલોના માર્ગદર્શન હેઠળ બદલવામાં આવે છે.આ ઉત્સવના ભાગરૂપે નજીકના ચાંદપુર ગામના કુંભારને લગભગ એક મહિના પહેલા આઠ નાના અને ૧૮૩ જેટલા મોટા ઘોડા, ધાબુ(દેવોનું વાસણ) અને ગણપતિ, મરઘો, મરઘી, વાઘ, દેડકા, સાપોલીયા, ઉંદર સહિતનો માટીનો સંપૂર્ણ સરંજામ બનાવવાનો ઓર્ડર આપવામાં આવ્યો હતાં. આજે ગામ લોકો વાજતે ગાજતે ઘોડા અને સાધન સામગ્રી ભોરદામાં લઇ આવ્યાં હતાં. જયારે દેવોના ખૂંટા ગામના આદિવાસી મિસ્ત્રી-સુથારે સાગના લાકડામાંથી ઘડીને તૈયાર કર્યા છે. હવે ગામના જુદાં જુદાં દેવસ્થાનોને આ ઘોડા અને સરંજામની વહેંચણી કરવામાં આવશે. અશોકભાઇના જણાવ્યા પ્રમાણે મુખ્ય ઉત્સવ ૧૩મી જાન્યુઆરીના રોજ રાખવામાં આવ્યો છે જે બીજા દિવસની સાંજ સુધી ચાલશે.ભોરદા ગામની વસતી ૧૫૦૦ થી ૧૬૦૦ જેટલી છે, ગામના તમામ રહેવાસીઓએ તેમના સંબંધીઓને ગામદેવતાઓના નવીનીકરણના આ ઉત્સવમાં જોડાવા અને નવા દેવોને વધાવવાનું નોંતરૂં (આમંત્રણ) પાઠવ્યું છે. એટલે આ બંને દિવસે ગામમાં મેળા જેવુ વાતાવરણ સર્જાશે અને આસપાસના રાઠ વિસ્તારના ૫૦ થી ૬૦ ગામો(જેમાં ગુજરાતના અને મધ્યપ્રદેશના ગામોનો સમાવેશ થાય છે)ના લોકો ભોરદાના મહેમાન બનશે. સહુને માટે સામુહિક ભોજન સમારંભ યોજાશે, નાચગાન થશે અને આ બધાની વચ્ચે બળવા, પૂજારા અને પટેલ આદિવાસી સંસ્કૃતિની પરંપરા અને વિધિવિધાન પ્રમાણે દેવોની પેઢી બદલવાની પ્રક્રિયા પૂર્ણ કરશે.ગામને નવા દેવતા અને દેવતાઓને નવી સજાવાટ અને સાધન સરંજામ ઉપલબ્ધ કરાવવા માટે આ સામુહિક ઉત્સવનો પ્રસંગ છે. તેની સાથે ભણેલી-ગણેલી નવી પેઢીને સાંસ્કૃતિક વારસાનું જીવંત પ્રશિક્ષણ મળશે એટલે આ વારસો પેઢી દર પેઢી આગળ વધતો રહેશે. ગામદેવતા રીઝે અને સહુને સાજામાજા રાખે, ખેતરોમાં સારો પાક થાય તેવી કૃપા કરે એ પ્રકારની ભાવના પણ આ પરંપરા પાછળ રહેલી છે.

## રાજ્યસભામાં ચર્ચા દરમિયાન ટીએમસી સાંસદે મોદી સરકારને ગણાવી 'જિમખાના ક્લબ'

**(એજન્સી) નવીદિલ્હી**

લોકસભામાં મંગળવારે પાસ થયા બાદ સવર્ણોમાં આર્થિક રીતે નબળા વર્ગને અનામત આપવાના બિલ પર રાજ્યસભામાં ચર્ચા થઈ. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ બ્રાયને ગૃહમાં ચર્ચા દરમિયાન મોદી સરકાર પર જોરદાર હુમલો કર્યો. તેમણે કહ્યું કે, સરકારે સંસદનું અપમાન કર્યું છે. ડેરેક ઓ બ્રાયને કહ્યું કે, એક સવારે એક વ્યક્તિને દિલ્હીમાં સપનું આવે કે બંધારણ બદલવું છે તો આ બિલ લઈ આવ્યા. આ દરમિયાન તેઓએ મોદી સરકાર પર જોરદાર હુમલો કરતાં કહ્યું કે, અમે કોઈ જિમખાના ક્લબ, અમદાવાદના સભ્ય નથી જેમનું તમે અપમાન કરી રહ્યા છો. અગાઉની સરકારોએ લગભગ ૬૫ ટકા બિલ કમિટીઓને મોકલ્યા પરંતુ આ સરકારે (જિમખાના ક્લબે) માત્ર ૨૦ટકા બિલ જ મોકલ્યા. ડેરેક દ્વારા સરકારને જિમખાના ક્લબ કહેવા પર કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે વિરોધ દર્શાવ્યો.

## અનુરાગ ઠાકુર 'નમો અગેન'વાળી શર્ટ પહેરી સંસદ પહોંચ્યા, મોદીએ કર્યા વખાણ

### અનુરાગે કિરણ રિજ્જુ, રાજ્યવર્ધન રાઠોડ, મનોજ તિવારી, બાબુલ સુપ્રિયો સહિતનાં નેતાઓને ચેલેન્જ આપી હતી

**(એજન્સી) નવીદિલ્હી**

૨૦૧૯ લોકસભા ચૂંટણીમાં નરેન્દ્ર મોદીને ફરી વડાપ્રધાન બનાવવા માટેનાં પ્રયાસો શરૂ થઈ ગયા છે. જેમાં 'નમો અગેન' લખેલી ટી શર્ટ પહેરીને હુડી ચેલેન્જ આપવામાં આવી રહી છે. આ દરમિયાન મંગળવારે અનુરાગ ઠાકુર આવી જ ટી શર્ટ પહેરીને સંસદ પહોંચ્યા હતા. જેની સોશિયલ મીડિયા પર પણ લોકોએ પ્રશંસા કરી હતી. અનુરાગનાં ટ્વીટ પર મોદી રી-ટ્વીટ કરીને કહ્યું કે, 'સારા લાગી રહ્યા છો' સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી થાવરચંદ ગહેલોતે પણ નમો અગેન લખેલી ટી શર્ટ પહેરી હતી. તેમણે ટ્વીટ કરીને કહ્યું હતુ કે, મેં પહેરી લીધી તમે પહેરી કે નહી? તમારે પણ એ સંકલ્પ સાથે પહેરવી જોઈએ, નમો અગેન ૨૦૧૯માં નરેન્દ્ર મોદી ફરીથી ભારતનાં વડાપ્રધાન તરીકે શપથ લે. અનુરાગે ટ્વીટ કરી કહ્યું કે, મે મારી હુડી(સ્વેટ શર્ટ) પહેરી લીધી છે. તમારી ક્યાં છે? અનુરાગે કિરણ રિજ્જુ, રાજ્યવર્ધન રાઠોડ, મનોજ તિવારી, બાબુલ સુપ્રિયો સહિતનાં નેતાઓને ચેલેન્જ આપી હતી. ઘણાં લોકોએ પણ નમો અગેનની ટી શર્ટ પહેરીને ફોટો સોશયલ મિડીયા પર પોસ્ટ કર્યો હતો.ઉલ્લેખનીય છે કે ૨૦૧૪ની લોકસભા ચૂંટણી દરમિયાન નરેન્દ્ર મોદી નમો નામથી જાણીતા બન્યા હતા. કોંગ્રેસને હરાવી ભાજપ સત્તામાં આવ્યું હતું. હવે પીએમ મોદી ફરીથી ચૂંટણી માટે તૈયાર છે અને કોંગ્રેસ પણ કોઇ કસર છોડી રહ્યાં નથી.

## મેલબોર્નમાં ભારત સહિત ૧૦ દેશોની એમ્બેસીમાં સંદિગ્ધ પેકેટ મળ્યા

**(એજન્સી) મેલબોર્ન**

ભારત સહિત ૧૦ દેશોના કોન્સ્યુલેટમાં બુધવારે સંદિગ્ધ પેકેટ મળવાથી ખળભળાટ મચી ગયો હતો. જેના કારણે ઓફિસરોએ ઈમરજન્સી સર્વિસ બોલાવવી પડી. ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલીસના જણાવ્યા અનુસાર, ઓસ્ટ્રેલિયન એડમિનિસ્ટ્રેશન સંદિગ્ધ પેકેટ મળવાના સમાચાર સાથે જ સતર્ક થઇ ગયું અને ભારત, ફ્રાન્સની એમ્બેસીની બહાર રેસ્ક્યૂ ટીમ પહોંચી ગઇ હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૧૦ એમ્બેસીમાં આવા સંદિગ્ધ પેકેટ મળવાના સમાચાર બાદ મોટાંપાયે સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું હતું.ભારતીય એમ્બેસીમાં પેકેટ મળતાની સાથે સુરક્ષા હેઠળ એમ્બ્યુલન્સ અને ફાયર ફાઇટર ગોઠવી દેવામાં આવ્યા છે. સેન્ટ કિલ્ડા રોડ પર ભારત અને અમેરિકાની એમ્બેસી સ્થિત છે. તમામ એમ્બેસીની સુરક્ષામાં વધારો કરી દેવામાં આવ્યો છે. બ્રિટન, કોરિયા, જર્મની સહિત અન્ય એમ્બેસી પર પણ આખા ઘટનાક્રમની અસર થઇ હોવાની આશંકા છે. ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલીસ તરફથી ટ્વીટ દ્વારા સર્ચ ઓપરેશનની જાણકારી આપવામાં આવી છે. ટ્વીટમાં કહેવામાં આવ્યું છે કે, પોલીસ અને ઈમરજન્સી સર્વિસને એલર્ટ કરી દેવામાં આવી છે. મેટ્રોપોલિટન ફાયરબ્રિગેડે જણાવ્યું કે, એમ્બેસીમાં સંદિગ્ધ પેકેટ મળવાના મામલે મેલબોર્ન પોલીસની સાથે કામ કરી રહ્યા છે.અત્યાર સુધી આ ઘટનામાં પેકેટથી કોઇ ઘાયલ થયું હોય કે અન્ય કોઇ નુકસાનના સમાચાર નથી. મેલબોર્નની અનેક મહત્વપૂર્ણ બિલ્ડિંગોમાં કેમિકલ સૂટ પહેરેલા નિષ્ણાતોને પ્રવેશ કરતાં જોવામાં આવ્યા હતા.ઈમરજન્સી વેબસાઇટ્સને પણ એલર્ટ પર પર રાખવામાં આવ્યા છે. સિડનીમાં થોડાં દિવસ પહેલાં જ આર્જેન્ટિના એમ્બેસીમાં સંદિગ્ધ સફેદ પેકેટ મળવાના કારણે હોબાળો થઇ ગયો હતો.

## રાજસ્થાનમાં રાહુલે કહ્યું- અમે ઈચ્છીએ છીએ કે દેશનો યુવક ફ્રન્ટ ફૂટ પર રમે અને સીક્સ મારે

### રાહુલે કહ્યું કે, વડાપ્રધાન પાંચ વર્ષથી બેકફૂટ પર રમી રહ્યા છે

**(એજન્સી) જયપુર**

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ બુધવારે જયપુરથી લોકસભા માટે ચૂંટણી અભિયાનની શરૂઆત કરી છે. રાહુલે કહ્યું કે, રાજસ્થાનમાં કોંગ્રેસની નહીં પણ ખેડૂતોની જીત થઈ છે. અમે અહીં તમારા માટે જ કામ કરવા આવ્યા છીએ. રેલીમાં રાહુલે વડાપ્રધાન પર આકરા પ્રહાર કરતાં કહ્યું હતું કે, નરેન્દ્ર મોદીની સરકાર અત્યાર સુધી બેકફૂટ પર રમતી હતી. હું ઈચ્છું છું કે, અમારા યુવકો બેકફૂટ પર ન રમે, તેઓ ફ્રન્ટ ફૂટ પર રમે અને સીક્સ મારે.રાહુલે કહ્યું કે, વડાપ્રધાન ૫ વર્ષથી બેકફૂટ પર રમી રહ્યા છે. તેઓ વાયદો કરે છે કે, તેઓ ખેડૂતો અને યુવકોની મદદ કરશે, પરંતુ જ્યારે બેટિંગનો સમય આવે છે તો તેઓ ડરી ડરીને ચાલે છે.કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, હું ખેડૂતોને કહેવા માંગુ છું કે, અમે તમારા માટે જ કામ કરીએ છીએ. અમારું કામ તમારો અવાજ સાંભળવાનું, તમારી તકલીફ સમજવાનું જ છે. અમારા દરવાજા તમારા માટે હંમેશા ખુલ્લા છે.ખેડૂતોએ કહ્યું કે, અમને રસ્તો નથી દેખાતો. જે સમસ્યા અહીંના ખેડૂતોની છે તે જ દેશના સમગ્ર ખેડૂતોની સમસ્યા છે. અમે કહ્યું હતું કે, અમારી સરકાર બનતાં જ અમે સૌ પ્રથમ ખેડૂતોનું દેવુ માફ કરીશું અને અમે બે દિવસમાં જ ખેડૂતોનું દેવુ માફ કરી દીધું છે. રાહુલે કહ્યું- અમારો મોદીજીને સંદેશ છે કે, તમારે સમગ્ર દેશના ખેડૂતોનું દેવું માફ કરવું જોઈએ. તમે જ્યાં સુધી સમગ્ર દેશના ખેડૂતોનું દેવું માફ નહીં કરો ત્યાં સુધી કોંગ્રેસ તમને નહીં છોડે. તમને ઉંઘવા નહીં દઈએ. જો તમે ખેડૂતોના દેવા માફ નહીં કરો તો ૨૦૧૯માં કોંગ્રેસની સરકાર આવશે અને તે દેવું માફ કરીને બતાવી દેશે.હું રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢના મંત્રીઓને કહેવા માંગુ છું કે, ખેડૂતો માટે હવે નવી પદ્ધતિથી વિચારવાની જરૂર છે. ટેક્નોલોજીની મદદથી ખેડૂતોના જીવનને બદલવાની જરૂર છે.રાફેલ કેસમાં મોદીએ અનિલ અંબાણીને દેશના રૂ. ૩૦ હજાર કરોડ આપી દીધા છે. રાફેલની તપાસ થવી જોઈએ. આ તપાસ જોઈન્ટ પાર્લામેન્ટ્રી કમિટિ પાસે મોકલવી જોઈએ. અમે મોદીજીને કહીએ છીએ કે તેઓ જનતાની કોર્ટમાં સામે આવે. અમે અમારી વાત રજૂ કરશું તમે તમારી વાત રજૂ કરજો.

## રાકેશ રોશન હવે સલામત, કેન્સરનું ઓપરેશન સફળ, જલ્દી આવશે ઘરે

**(એજન્સી) મુંબઇ**

દિગ્ગજ અભિનેતા ફિલ્મ નિર્માતા રાકેશ રોશનનું કહેવું છે કે એમનું ગળાનું કેન્સરનું ઓપરેશન સફળ રહ્યું છે અને હાલમાં તેઓ સ્વસ્થ છે. આગામી એક બે દિવસમાં તેઓ ઘરે પરત ફરશે. મંગળવારે અહીંની હોસ્પિટલમાં એમનું ઓપરેશન કરાયું હતું. ઓપરેશન બાદ બુધવારે તેમણે પ્રતિક્રિયા આપતાં એક સંદેશમાં કહ્યું કે, હું એકદમ સ્વસ્થ અનુભવી રહ્યો છું. આભાર. ઓપરેશન થઇ ગયું છે અને બધુ બરોબર છે. ભગવાન મહાન છે. હું શુક્રવારે કે શનિવારે ઘરે પરત ફરીશ. ક્રિશના નિર્માતાના અંગત સુત્રોના અનુસાર, કેન્સરની જાણ થયા બાદ પણ રાકેશજી ડર્યા ન હતા અને એકદમ ધીરજતા સાથે રહ્યા હતા. ઓપરેશન દરમિયાન એમના પત્ની, ભાઇ સંગીજકાર રાજેશ રોશન, પુત્ર ઋત્વિક રોશન અને પુત્રી સુનૈના તેમજ એમના અંગત પરીજનો હાજર રહ્યા હતા. રાકેશ રોશને આ અગાઉ કહ્યું હતું કે, હું હંમેશાથી એક ફાઇટર રહ્યો છું અને કર્મમાં વિશ્વાસ રાખું છું. હું હંમેશા જીવનમાં સાચા કાર્યો જ કરવાનો પ્રયત્ન કરૂ છું. મારૂ એવું માનવું છે કે, આપને જીંદગીમાં જે કંઇ પણ મળે છે એમાં તમારૂ કર્મ દેખાય છે. અહીં મુશ્કેલીઓ આવશે, પરંતુ ભગવાન મને અને મારા પરિવારને જોઇ રહ્યો છે.

• Printer / Publisher / Owner / Editor : Jayantilal G. Patel • Printed : Namasvi Offset, Plot No. K-1/906/8, GIDC, Sector-28, Gandhinagar (GUJARAT) 382 028 • Published : 229, At. Post. Chiloda, Ta. & Dist. Gandhinagar (GUJARAT) 382355

# આગામી ૨૦ ફેબ્રુઆરીથી યોજાશે દેશની પ્રથમ કિશાન ક્રિકેટ લીગ

## માઈટી હિમાલયન્સ, ફ્ન્ટીઅર ગબરુસ, અવધી બ્રર્ધસ, ઈસ્ટર્ન ઈગ્લસ, વેસ્ટર્ન થ્રાયન્સ, ઓરવુન થલાઈવાસ, સયાદ્રી રેન્જર્સ, અને ટ્રાઈબલ જાતિ માટે એક ખાસ ટીમ બનાવવામાં આવશે

**(એજન્સી) નવીદિલ્હી**

દેશના ગ્રામીણ વિસ્તારમાં પણ લોકોને ક્રિકેટ પ્રત્યે જાગૃત કરવાના હેતુને ધ્યાનમાં રાખીને દેશમાં સૌપ્રથમ વાર કિશાન ક્રિકેટ લીગનું આયોજન થવા જઈ રહ્યું છે. ''ધ લાલ બાહદૂર શાસ્ત્રી મેમોરીઅલ કપ ઑફ હૉપ'' ટાઈટલ હેઠળ આગામી ૨૦ ફેબ્રુઆરીથી ૨૦ માર્ચ સુધી આ કપનું આયોજન કરવામાં આવશે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા ૧૭-૨૪ વર્ષનો જે વર્ગ સ્પૉર્ટ્સને લઈને રસ ધરાવે છે તેઓને લઈને આ લીગ દ્વારા એક નવું જ શોર્ટ ફોર્મેટ બનાવવામાં આવશે. આ લીગનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ ક્ષેત્રે સ્પૉર્ટ્સમાં રસ ધરાવતા લોકોને એક માધ્યમ પુરુ પાડવાનો છે.પ્રાપ્ત અહેવાલ મુજબ આઠ અલગ-અલગ ટીમ વચ્ચે આ કિશાન ક્રિકેટ લીગનું આયોજન કરવામાં આવશે. જેમાં માઈટી હિમાલયન્સ, ફ્ન્ટીઅર ગબરુસ, અવધી બ્રર્ધસ, ઈસ્ટર્ન ઈગ્લસ, વેસ્ટર્ન થ્રાયન્સ, ઓરવુન થલાઈવાસ, સયાદ્રી રેન્જર્સ, અને ટ્રાઈબલ જાતિ માટે એક ખાસ ટીમ બનાવવામાં આવશે. આઠ અલગ-અલગ નોન-મેટ્રોસિટીસમાં આ લીગનું




આયોજન કરવામાં આવશે અને દેશની અમુક ખાસ બ્રોડકાસ્ટ ચેનલો પર પણ આ લીગની જીવંત પ્રસારણ કરવામાં આવશે.આ ખાસ લીગનું આયોજન કરનાર અતુલ પાંડેએ જણાવ્યું હતું કે સ્વ પૂર્વ વડાપ્રધાન લાલ બાહદૂર શાસ્ત્રીને શ્રદ્ધાંજલિ આપવા માટે આ ખાસ કિશાન ક્રિકેટ લીગનું આયોજન કરવામાં આવ્યું છે. તેમના મૃત્યુના પાંચ દાયકા પછી પણ તેમના દ્વારા આપવામાં આવેલું સૂત્ર ''જય જવાન, જય કિશાન'' લોકો યાદ કરે છે. ભારતમાં હજારોની સંખ્યમાં પંચાયતો આવેલી છે અને એમે આ દરેક પંચાયત પાસેથી રજીસ્ટ્રેશનની આશા રાખીએ છીએ. ભારતના ઈતિહાસમાં એવું પહેલીવાર બનશે કે ૭૫ હજારથી પણ વધારે યુવાનો આ લીગ માટે પોતાના નામની નોંધણી કરવાશે. જેમાંથી ૫ હજાર જેટલા યુવાનોને ફાઈનલ પસંદગી રાઉન્ડ માટે બોલાવવામાં આવશે. આ ફાઈનલ પસંદગી માટે દેશભરમાં ૧૦ જેટલા કેન્દ્રો ફાળવવામાં આવશે. ટૉચના ૨૦૦ જેટલા ખેલાડીઓને અલગ-અલગ કેટેગરી જેવીકે બેસ્ટમેન, ફાસ્ટ બોલર, સ્પિનર, વિકેટકિપર અને ફિલ્ડર તરીકે પસંદ કરવામાં આવશે.

# સેન્સેક્સમાં ૨૩૦ પોઈન્ટનો ઉછાળો, નિફ્ટી ૧૦૮૬૦ના સ્તર પર બંધ

## આઈટી શેરોમાં તેજી રહી

**(એજન્સી) મુંબઇ**

શેરમાર્કેટમાં ઉતારચઢાવ બાદ કારોબારના છેલ્લા બે કલાકમાં શાનદાર રિકવરી જોવા મળી હતી. સેન્સેક્સમાં આજે ૨૦૦ પોઈન્ટની મજબૂતી સાથે બંધ થવામાં કામયાબી મળી છે. નિફ્ટીમાં ૦.૫ ટકાની મજબૂતાઈ સાથે ૧૦૮૫૦ના સ્તરને પાર કરવામાં સફળતા મળી છે.બેંક નિફ્ટીમાં ૨૦૦ પોઈન્ટનો સુધારો જોવા મળ્યો છે. ૨૭૭૦૦ના સ્તરને પાર કરી શક્યો છે. મિડકેપ ઈન્ડેક્સની વાત કરીએતો નીચલા સ્તર પર સુધારો જોવા મળ્યો છે. બીએસઈના મિડકેપ ઈન્ડ્રેક્સમાં ૦.૦૪ ટકાના સામાન્ય ઘટાડા સાથે ૧૫૧૨૦ના સ્તર પર બંધ થયો છે. તો બીએસઈના સ્મોલ કેપ ઈન્ડેક્સમાં કડાકા સાથે ૧૪,૬૦૦.૯૭ના સ્તર પર બંધ થયો છે.ફોસિસની ૧૧ જાન્યુઆરીએ ખુબજ મહત્વપૂર્ણ બેઠક હોવાથી કંપની બાયબેક અને સ્પેશિયલ ડિવીડન્ડ પર વિચાર કરી શકે છે. આનાથી આશા લગાવવામાં આવતા આજે સારી તેજી જોવા મળી હતી. તો રૂપિયામાં આવેલી કમજોરીમાં બાકી આઈટી શેરોમાં તેજી રહી છે, વિપ્રો અને ટેક મહિન્દ્રાએ લગભગ ૧ ટકાનો વધારો નોંધ્યો છે. ફર્સ્ટસોર્સ, હેક્સાવેયર, એલએન્ડટી ઈન્ફોટેકમાં સારી તેજી જોવા મળી હતી.ફક્ત આઈટી જ નહી આજે મીડિયા શેરોમાં પણ તેજી જોવા મળી હતી. સૂચના અને પ્રસારણ મંત્રાલયે કરેલી જાહેરાતમાં ૨૫ ટકાનો વધારો જોવા મળે છે. સરકારને બ્યુરો ઓફ આઉટચીચ એન્ડ કોમ્યુકેશન હવે છાપાઓમાં જાહેરાતના માધ્યમથી ૨૫ ટકા વધારાની આવક કરાવશે. આ દર આવતા ૩ વર્ષ સુધી લાગુ કરવામાં આવશે. આના કારણે એચટી મીડિયામાં ૨૦ ટકા પર સર્કિટ લાગી છે તો જાગરણ પ્રકાશન પર લગભગ ૩ ટકા ભાગ છે. આ બાજુ ડીબી કોર્પમાં ૮ ટકાની તેજી નોંધવામાં આવી છે.

# શિવસેનાને પછાડનારને મહારાષ્ટ્રમાં દફનાવી દેવાશે, રામદાસ કદમે આપી ભાજપને ધમકી

## તેઓ અમને ધમકાવે નહી કે અમે દફનાવી દઈશું ભુલશો નહી કે મોદી લહેર હોવા છતાં અમે ૬૩ સીટો જીતી હતી

**(એજન્સી) મુંબઇ**



શિવસેનાના વરિષ્ઠ નેતા રામદાસ કદમે ભાજપને દફનાવી દેવાની ધમકી આપી છે. તાજેતરમાં જ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે કહ્યુ હતુ કે જો લોકસભા ચુંટણી પહેલા ગઠબંધન ન થયું તો તેમની પાર્ટી પોતાના પૂર્વ સહયોગીને ખરાબ રીતે પછાડી નાખશે. કદમે આ જ સંદર્ભમાં ટીપ્પણી કરી હતી. વર્તમાનમાં કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં ભાજપની સહયોગી શિવસેનાના નેતા કદમે તે પણ કહ્યું કે ૨૦૧૪ના રાજ્ય વિધાનસભા ચુંટણીમાં મોદી લહેર હોવા છતાં, કુલ ૨૮૮ માંથી ૬૩ સીટો પર શિવસેનાએ જીત મેળવી હતી. મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી કદમે પ્રવક્તાઓને કહ્યું કે, તેઓ પાંચ રાજ્યોમાં પહેલેથી જ ચૂંટણી હારી ચૂકી છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે ન તો તેઓ મહારાષ્ટ્રમાં આવે અને તેઓ અમને ધમકાવે નહી તો અમે દફનાવી દઈશું. ભુલશો નહી કે મોદી લહેર હોવા છતાં અમે ૬૩ સીટો જીતી હતી. બીજેપી અધ્યક્ષ અમિત શાહે અપ્રત્યક્ષ રૂપથી શિવસેનાને ચેતવણી આપી હતી કે ગઠબંધન થયું તો ઠીક છે નહી તો ચુંટણીમાં પૂર્વ સહયોગીને પછાડી દઈશું.કેન્દ્ર સરકારને સામાન્ય કેટેગરીના ગરીબો માટે નોકરીઓ અને શિક્ષણમાં ૧૦ ટકા અનામત આપવાના વિધેયક વિશે પુછવા પર કદમે કહ્યુ કે, મરાઠા, ધનગર અને મુસ્લમાનો માટે કોટા પહેલેથી જ છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે તેઓ દરેકને અનામત કેવી રીતે આપી દેશે? શું આ નિર્ણય ચુંટણીને ધ્યાનમાં રાખીને લેવાઈ રહ્યો છે? નોંધનીય છે કે મંગળવારે સામાન્ય વર્ગના ગરીબો માટે નોકરીઓ અને શિક્ષણમાં ૧૦ ટકા અનામત આપવાના વિધેયકને મંજૂરી આપવામાં આવી છે.

# છેલ્લા ૬ વર્ષથી વસતા મૂળ પાકિસ્તાનના હિન્દુઓને મળશે ભારતનું નાગરિકત્વ

## રાજકોટમાં વસતા પાકિસ્તાની હિંન્દુઓએ કેક કટિંગ કરીને સરકારના નિર્ણયને આવકાર્યો

**(એજન્સી) નવીદિલ્હી**

ભારતમાં ૬ વર્ષથી વસવાટ કરી રહેલા પાકિસ્તાની હિન્દુઓને ભારતનું નાગરિકત્વ મળશે. રાજકોટમાં કેન્દ્ર સરકાર દ્વારા આ પ્રકારની જાહેરાત કરવામાં આવતા રાજકોટમાં વસતા પાકિસ્તાની હિન્દુઓએ કેક કટિંગ કરીને સરકારના નિર્ણયને આવકાર્યો હતો. ભારત છેલ્લા કેટલાક વર્ષોથી વસતા પાકિસ્તાની હિન્દુઓમાં આ પ્રકારના નિર્ણયથી ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. મહત્વનું છે, કે છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં પાકિસ્તાનથી કોઇ ારણોસર ભારતમાં આવી ગયેલા હિન્દુ લોકોને પહેલા ૭ વર્ષ બાદ નાગરિકત્વ મળતુ હતુ. જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા કરાવમાં આવેલા ફેરફારમાં કરીને ૬ વર્ષ કરી દેવમાં આવ્યા છે. જેથી મૂળ પાકિસ્તાનના હિન્દુ લોકોને ભારતનું નાગરિકત્વ મળી જશે. મહત્વનું છે, કે આ પ્રકારના નિર્ણયથી મોટી સંખ્યામાં પાકિસ્તાનના ભારતમાં વસતા લોકોમાં ખુશી જોવા મળી હતી. ભારતનું નાગરિકત્વ મળવાને કારણે તેમને ભારત સરકાર તરફથી મળતા તમામ લાભ મળશે. આ નિર્ણયથી રાજકોટમાં છેલ્લા કેટલાક વર્ષોથી વસવાટ કરતા મૂળ પાકિસ્તાનના હિન્દુઓએ કેક કાપીને ઉજવણી કરી હતી.

# અમને ચૂંટણીમાં ફાયદા-નુકસાનની કોઈ ચિંતા નથીઃ વડા પ્રધાન મોદી

## જીએસટીને વેપારીઓ અને ગ્રાહકો માટે વધુ સરળ બનાવવાની પ્રક્રિયા ચાલુ

**(એજન્સી) આગરા**

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે આગરામાં અનેક પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું હતું અને સાથે જ એક રેલીને સંબોધિત કરી હતી. લોકોને સંબોધિત કરતા પીએમ મોદીએ જણાવ્યું કે, આગરા એ શહેરોમાંનું એક છે જયાં સ્માર્ટ સુવિધાઓ વિકસિત થઈ રહી છે, અહીં અમારી પ્રાથમિક્તા યમુનાની સફાઈ કરવાની છે. પીએમ મોદીએ રેલીને સંબોધિત કરતા જણાવ્યું કે, ગઈકાલે સમગ્ર દેશે જોયું કે કેવી રીતે લોકસભામાં એક ઐતિહાસિક બિલ પસાર કરવામાં આવ્યું છે. આઝાદીના આટલા દાયકા બાદ ગરીબીને કારણે વધેલી અસમાનતાનો સ્વીકાર કરાયો છે. સામાન્ય શ્રેણીના ગરીબ પરિવારોને ૧૦ ટકા અનામત મળે, તેના માટે સરકારે એક મહત્વનું પગલું ભર્યું છે.




હવે સામાન્ય માનવીને કામ લાગતો સામાન એટલે કે લગભગ ૯૯ ટકા જેટલા સામાનનો જીએસટીનો દર ૧૮ ટકાથી ઓછો કરી નાખ્યો છે. જીએસટીને વેપારીઓ અને ગ્રાહકો માટે વધુ સરળ બનાવવાની પ્રક્રિયા ચાલુ જ છે. વડા પ્રધાને જણાવ્યું કે, આર્થિક સ્થિતિના આધારે સમાજમાં જે મોટી ખાઈ પેદા થઈ છે, તેને કારણે દાયકાઓથી આ અનામતની માગ ચાલી રહી હતી. આ માગને પૂરી કરવાનું કામ સરકારે કર્યું છે. જે લોકો એક-બીજાનું મોઢું જોવા તૈયાર ન હતા, તેઓ દેશના ચોકીદારને ખસેડવા માટે ભેગા થઈ રહ્યા છે. આ ચોકીદાર કોઈનાથી ડર્યા વગર, અટક્યા વગર સંપૂર્ણ ઈમાનદારી સાથે પોતાનું કામ કરતો રહેશે. જીએસટી અલગથી લગાવવામાં આવેલો ટેક્સ નથી. તમે અગાઉ બધા જ સામાન પર કે સેવાઓ પર જે એકથી વધુ ટેક્સ ભરતા હતા, તેને એક કરીને જીએસટી બનાવાયો છે. અગાઉ અનેક ચીજ-વસ્તુઓ પર ૩૦ ટકા કરતાં પણ વધુ ટેક્સ લાગતો હતો, જે ક્યાંય દેખાતો ન હતો. હવે તમે જેટલો ટેક્સ આપો છો તે જોવા મળે છે. આ જ પારદર્શક્તા છે. મોદીએ લોકસભામાં બિલ પસાર થવાની ઘટનાને ઐતિહાસિક પગલું જણાવી હતી. તેમણે આશા વ્યક્ત કરી તે, લોકોની લાગમીને ધ્યાનમાં રાખીને રાજ્યસભાના સભ્યો પણ આ બિલને પસાર કરશે. આ બિલથી દલિત તથા જનજાતિ સમુદાયો સહિત પછા વર્ગના અધિકારો ઉપર કોઈ પણ પ્રકારની અસર નહીં પડે.

# મિલિટરી ઈન્ટેલિજન્સે પાકિસ્તાની સંદિગ્ધ જાસૂસને રંગે હાથે ઝડપ્યો

## નિર્મલ રાય સેના સાથે કિવિથૂ અને ડિચૂ ગામમાં આર્મી પોર્ટર તરીકે કામ કરી રહ્યો હતો

**(એજન્સી) નવીદિલ્હી**

મિલિટરી ઈન્ટેલિજન્સીને અરુણાચલ પ્રદેશમાં એક સંદિગ્ધ જાસૂસને પકડી પાડવામાં સફળતા મળી છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે, ઝડપાઈ ગયેલો જાસૂસ પાકિસ્તાનને ભારતીય સેનાની મૂવમેન્ટ અને મહત્વપૂર્ણ ઠેકાણાઓની વિગતો મોકલતો હતો. ઝડપાઈ ગયેલ જાસૂસનું નામ નિર્મલ રાય જાણવા મળ્યું છે. તે મૂળ આસામના તિનસુકિયા જિલ્લાનો રહેવાસી છે. નિર્મલ રાય સેના સાથે કિવિથૂ અને ડિચૂ ગામમાં આર્મી પોર્ટર તરીકે કામ કરી રહ્યો હતો. ઘણા સમયથી તે આર્મીની નજરોમાં હતો. જાસૂસની સૂચના પર તેને રંગે હાથે ઝડપી લીધા બાદ તેને પોલીસને સોંપી દેવામાં આવ્યો છે. પોલીસ તેની પૂછપરછ કરીને વધુ માહિતી મેળવી રહી છે. શંકાસ્પદ પાકિસ્તાની જાસૂસ નિર્મલ રાયનો ફોન જપ્ત કરી લેવામાં આવ્યો છે. જાણવા મળી રહ્યું છે કે તેના ફોનમાંથી ભારતીય સેનાની ઘણી બધી સંવેદનશીલ તસવીરો અને ખાનગી માહિતી પ્રાપ્ત થઈ છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે, જાસૂસ પાકિસ્તાની હેન્ડલરના સંપર્કમાં આવ્યો હતો અને સેનાની સંવેદનશીલ જાણકારી તેમને સોંપી રહ્યો હતો. દુબઈમાં કામ કરી ચૂકેલો આરોપી નિર્મલ રાય ત્યાંથી જ પાકિસ્તાનની જાસૂસી એજન્સીઓના સંપર્કમાં આવ્યો હતો. દુબઈમાં જ તેને સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સના માધ્યમથી પાકિસ્તાનને લીક કરવાની ટ્રેનિંગ આપવામાં આવી હતી.

# રેલવેની મોટી સફળતા, માનવરહિત રેલ્વે ક્રોસિંગની મુક્ત થયું ભારત

## વિતેલા એક વર્ષમાં રેલવેએ દેશભરમાં ૩૫૦૦ માનવરહિત રેલવે ક્રોસિંગ ખતમ કરી દીધા

**(એજન્સી) નવીદિલ્હી**

ભારતીય રેલવેએ એક નવી સફળતા પુરી કરી બતાવી છે. વિશ્વના સૌથી મોટા રેલવે નેટવર્કમાંથી એક ભારતીય રેલવે હવે માનવરહિત ક્રોસિંગ મુક્ત બની ગયું છે. સરળ શબ્દોમાં કહીએ તો, રેલવેની મુખ્ય લાઈનો એટલે કે ગેજ પર હવે એક પણ રેલવે ફાટક એવો નથી જે માનવરહિત હોય. વિતેલા એક વર્ષમાં રેલવેએ દેશભરમાં ૩૫૦૦ માનવરહિત રેલવે ક્રોસિંગ ખતમ કરી દીધા છે.રેલવે અનુસાર, માનવરહિત ક્રોસિંગને હટાવવા માટે મુખ્ય રૂપથી ચાર રીત અપનાવવામાં આવી. સૌથી પહેલા એવા ફાટક બંધ કરી દેવામાં આવ્યા જયાંથી વધારે ગાડીઓ પસાર થતી હતી. આ સિવાય કેટલીક જગ્યાઓ પર એક લેવલ ક્રોસિંગ બંધ કરીને રસ્તો બનાવી બીજા સાથે જોડી દીધો. કેટલીક જગ્યા પર સબવે, રોડ અથવા અંડર બ્રિજ બનાવવામાં આવ્યા અને માનવ રહિત ફાટક પર ગાર્ડ મુકવામાં આવ્યા.રેલવે અનુસાર, મુખ્ય લાઈન



અથવા ગેજ પર હવે માત્ર એક માનવરહિત ક્રોસિંગ ઉત્તર પ્રદેશના ઈલાહાબાદ ડિવિઝનમાં છે, જયાં સ્થાનિક તંત્ર સાથે આ ફાટક હટાવવા માટે સહમતિ નથી બની શકી, પરંતુ આશા છે કે, આ નાણાકીય વર્ષમાં આ કામ પુરૂ થઈ જવાની આશા છે.રેલવે મંત્રી પિયૂષ ગોયલે વર્ષ ૨૦૧૮-૧૯ના ડિસેમ્બર સુધીમાં રેલવેના તમામ માનવર હિત ફાટકને ખતમ કરવાનું લક્ષ્ય રાખ્યું હતું જેથી એવા ક્રોસિંગ પર દુર્ઘટનાને રોકી શકાય. ૨૦૧૪માં રેલવેના બ્રોડ ગેજ પર લગભગ ૫૫૦૦ માનવ રહિત ક્રોસિંગ હતા. વર્ષ ૨૦૧૩-૧૪માં માનવ રહિત રેલવે ક્રોસિંગ પર ૧૧૮ દુર્ઘટના સર્જાઈ. જ્યારે વર્ષ ૨૦૧૭-૧૮માં આ ઘટીને ૨૦ થઈ. આ વર્ષે માત્ર ૩ દુર્ઘટના રેલવે ક્રોસિંગ પર થઈ. આ આંકડા સ્પષ્ટ કરે છે કે, રેલવેએ માનવરહિત ક્રોસિંગ પર થતી દુર્ઘટના રોકવા માટે સપળતા મેળવી લીધી છે.

# જયંતિ ભાનુશાળી હત્યા કેસમાં પોલીસને મળ્યો મોટો પુરાવો, ગૂમ થયેલી બેગ મળી

## પોલીસે બેગ પોતાના કબ્જામાં લઈ ફોરેન્સિક સહિતની તપાસનો ધમધમાટ હાથ ધર્યો

**અમદાવાદ**

જયંતિ ભાનુશાળી હત્યા કેસમાં હત્યારાઓ સુધી પહોંચાડતી એક મહત્વની કડી પોલીસને હાથ લાગી છે. ભૂજથી અમદાવાદ તરફ આવી રહેલી ટ્રેનમાં ગોળી મારી હત્યા કરવાના આ કેસમાં પોલીસને આ સૌથી મોટો પુરાવો હાથ લાગ્યા છે. ગૂમ થયેલી બેગ પોલીસને મળી આવી છે. આ બેગ જયંતિ ભાનુશાળીની હોવાની માની હત્યારાઓ આ બેગ ઉઠાવી ગયા હતા. જોકે આ બેગ ભાનુશાળીની સામેની સીટ પર મુસાફરી કરી રહેલા પવન મોર્યની હોવાનું માનવામાં આવી રહ્યું છે. પોલીસે બેગ પોતાના કબ્જામાં લઈ ફોરેન્સિક સહિતની તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે. કચ્છના રાજકારણમાં દિગ્ગજ નેતા ગણાતા અબડાસાના પૂર્વ ધારાસભ્ય તથા કચ્છ ભાજપના પૂર્વ પ્રમુખ જયંતિ ભાનુશાળીની સોમવારે મોડી રાતે સયાજીનગરી એક્સપ્રેસ ટ્રેનમાં ગોળી મારીને હત્યા કરી નાખવાના બનાવે ગુજરાતના રાજકારણમાં ઉથલપાથલ મચાવી દીધી છે. જયંતિ પટેલનો મૃતદેહ પરિવારજનો દ્વારા હાલ સિવિલ હોસ્પિટલથી તેમના નરોડા ખાતેના ઘરે લાવવામાં આવ્યો. અને અંતિમ દર્શન માટે રખાયો હતો અને હવે તેમના પાર્થિવ દેહને નિવાસસ્થાનેથી નરોડા સ્મશાન ગૃહ ખાતે લઈ જવાઈ હતો. અંતિમ યાત્રામાં મોટા પાયે લોકો હાજર રહ્યા હતા. આર સી ફળદુ સહિત અનેક નેતાઓએ હાજરી આપી અને પરિવારને સાંત્વના પાઠવી.મૃતદેહના નરોડા સ્મશાન ગૃહ ખાતે અંતિમ સંસ્કાર કરાયા હતા.

# દેશનાં કોઈ પણ નાગરિકને ઉની આંચ પણ ન આવે તેની જવાબદારી અમારી : રાજનાથ

## રાજનાથ સિંહે કહ્યું કે ૬ સમુદાયોને આદિવાસી વર્ગનો દરજ્જો આપવા માટે સરકાર તૈયાર

**(એજન્સી) નવીદિલ્હી**

પૂર્વોત્તરની સ્થિતી અંગે બોલતા ગૃહમંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, આજે અસમ સહિત સમગ્ર પૂર્વોત્તરનાં રાજયોમાં સ્થિતી સામાન્ય અને ત્યાં શાંતિ જાળવવા માટેનાં દરેક શક્ય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે, જરૂર હશે તો પૂર્વોત્તર રાજયનાં મુખ્યમંત્રીઓની બેઠક પણ કરવામાં આવશે. ગૃહમંત્રીએ કહ્યું કે, અમારી સરકારમાં પૂર્વોત્તર રાજ્યોમાં વિકાસ ખુબ જ ઝડપી બન્યો છે. તેમણે કહ્યું કે, નાગરિકતા સંશોધન બિલ પર અનેક ખોટી વાતો ફેલાવવામાં આવી રહી છે જે સદંતર ખોટી છે. મંત્રીએ કહ્યું કે, ત્રણ પાડોશી દેશોને લઘુમતી માટે અમે આ બિલ લઈને આવ્યા છીએ અને તે માત્ર અસમના મુદ્દે નહી પરંતુ સમગ્ર દેશ માટે છે. ગૃહમંત્રીએ કહ્યું કે, દેશનાં અલગ અલગ હિસ્સાઓમાં રહેતા



પ્રવાસીઓ પર પણ આ બિલ લાગુ થશે. રાજનાથ સિંહે કહ્યું કે ૬ સમુદાયોને આદિવાસી વર્ગનો દરજ્જો આપવા માટે સરકાર તૈયાર થઈ ચુકી છે. તેમમે કહ્યું કે, કેબિનેટે એક બોડો મ્યૂઝિયમ બનાવવા અને આકાશવાણી, દુરદર્શન કેન્દ્રને વિકસિત કરવાનો નિર્ણય લીધો છે. મંત્રીએ કહ્યુ કે, અસમનાં લોકો માટે ન્યૂલેંડ નીતિ અંગે પણ વિચાર કરવામાં આવી છે. રાજનાથે કહ્યું કે, પૂર્વોત્તરનાં તમામ રાજ્યોમાં શાંતિ જળવાઈ રહે તે માટે અમે પ્રતિબદ્ધ છીએ.રાજનાથ સિંહે કહ્યું કે, શાંતિ જળવાઈ રહે તેવા હેતુથી સીમા પરની સુરક્ષા વધારે મજબુત કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, અમારી સરકાર પૂર્વોત્તરની જનતાની આકાંક્ષાઓને પુર્ણ કરવા માટે દરેક પગલા ઉઠાવી રહી છે. દેશનાં નાગરિકોનું કોઇ પણ હિત જોખમાય તે સરકાર સાંખી નહી લે.

# મહેસાણામાં કોંગ્રેસમાં ભડકો, જૂથવાદ ભાજપને કરાવશે ફાયદો

**(પ્રતિનિધિ)મહેસાણા**

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે તેવામાં મહેસાણા જિલ્લા કોંગ્રેસમાં રાજકારણ ગરમાયું છે. મહેસાણામાં પાલિકામાં ૭ સભ્યો એ જુદી જુદી કમિટીના સભ્ય પદેથી રાજીનામા આપી દીધા છે. બહુચરાજીના ધારાસભ્ય ભરત ઠાકોર પણ ભાજપમાં જોડાતા હોવાની અફવાને મામલે તેમણે મોટો ખુલાસો કર્યો છે. મહેસાણામાં પાટીદાર આંદોલનને પગલે હાલમાં કોંગ્રેસનો દબદબો છે પણ જૂથવાદમાં કોંગ્રેસ ભાજપને સામેથી તક આપી રહી છે. મહેસાણા એ મોદીનું હોમગ્રાઉન્ડ છે. આ લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાસે સારી તક હોવાથી ઘર ફૂટે ઘર જાય તેમ કોંગ્રેસીઓ અંદરોઅંદરની લડાઈમાં કોંગ્રેસને કમજોર બનાવી રહ્યાં છે. મહેસાણામાં હાલમાં ધારાસભ્ય નીતિનભાઈ પટેલ છે. જો કોંગ્રેસમાં અંદરો અંદર ડખાનો ફાયદો ભાજપ ઉઠાવે તેવી પૂરી સંભાવના છે.એકતરફ મહેસાણા પાલિકામાં પાટીદાર આંદોલનના કારણે કોંગ્રેસ સત્તા પર આવી હોવાના દાવાઓ વચ્ચે પાટીદાર સભ્યો સત્તામાં વધુ ભાગ બટાઇ માગી રહ્યા છે તો બીજી તરફ જૂના છ સભ્યોમાંથી તમામને પાલિકામાં મહત્ત્વના હોદ્દા જોઈએ છે અને જિલ્લા સંગઠનમાં પણ મહત્ત્વનાં હોદ્દા જોઈએ છે. બહુચરાજીના ધારાસભ્યે દિલ્હીમાં રજૂઆત કરી છે કે, તેમના સમાજની અવગણના થઈ રહી છે. મહેસાણા નગરપાલિકામાં જયદીપસિંહ ડાભી, અમીત પટેલ અને પૂરીબેન પટેલ એમ ત્રણ ગ્રુપ છે. આ ત્રણે ય ગ્રુપોમાં સત્તામાં ભાગબટાઈ માટે સતત કલહ થતો રહે છે. આ આંતરિક કલહના કારણે ભરત ઠાકોર ભાજપમાં જાય છે એવી સોશિયલ મીડિયામાં વાત વહેતી થઈ હતી. જેને ભરત ઠાકોરે રદિયો આપ્યો છે.આ અસંતોષ વચ્ચે મહેસાણા પાલિકાની કારોબારી યોજાઈ હતી. આંતરિક

## મહેસાણામાં પાલિકામાં ૭ સભ્યો એ જુદી જુદી કમિટીના સભ્ય પદેથી રાજીનામા આપી દીધા

વિખવાદના કારણે મહેસાણામાં વિકાસનાં કામોની ચર્ચા બાજુ પર રહી જાય છે. પાટીદાર આંદોલન બાદ મળેલી સત્તા જૂથવાદના કારણે કોંગ્રેસ પચાવી શકી નથી, હાલ તો રાજીવ સાતવ પર પ્રેશર ઊભું કરવા જુદી જુદી કમિટિઓમાંથી કોંગ્રેસના સભ્યો રાજીનામાં આપી ચૂક્યા છે પણ હાલના તબક્કે કોંગ્રેસના જિલ્લા પ્રમુખ મીડિયા સમક્ષ કશું ફોડ પાડીને કહેવા તૈયાર નથી.નગરપાલિકામાં ગત ૧૩ ડિસેમ્બરે વિવિધ સમિતિઓની રચનામાં નવા પ્રોજેક્ટ અમલીકરણ સમિતિના ચેરમેન તરીકે અમિત પટેલની વરણી કરાઇ હતી. ઉપરાંત વોટરવર્ક્સ, બાગ બગીચા અને રમતગમત, લાઈટ, સ્ટાફ સિલેકશન અને જન્મ મરણ, વળતર તેમજ ટાઉનહોલ સમિતિમાં સભ્ય તરીકે નિયુક્તિ બોર્ડમાં કરાઇ હતી. આ તમામ સમિતિના સભ્યપદેથી કુલ ૭ સભ્યો એ રાજીનામાં આપી દીધા છે. જોકે, શહેરમાં કોંગ્રેસના સ્થાનિક આગેવાન અને પાલિકાના કોર્પોરેટર દ્વારા સમિતિ વરણીના એક મહિનામાં જ રાજીનામું આપી દેતાં ફરી પાલિકાના વહીવટમાં સત્તાધિશોમાં આંતરિક વિખવાદના તર્ક-વિતર્ક ચર્ચાવા લાગ્યા છે. જો મહેસાણા જિલ્લા કોંગ્રેસનો જૂથવાદ આમ જ ચરમસીમાએ પહોંચેલો રહેશે તો આજ નહીં તો કાલ ભાજપને સત્તા આંચકી લેવાનું સહેલું પડશે. લાગે છે કે આ દિવસો બહુ દૂર નથી.



# સવર્ણ અનામત : નરસિમ્હા સરકારના બિલને અટકાવ્યા બાદ હવે મોદી સરકારને પડકારી શકે છે ઈન્દિરા સાહની

## ૧૯૯૨માં અનામતના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારી સાહની સમગ્ર દેશમાં ચર્ચામાં આવી ગયા હતા

**(એજન્સી) નવીદિલ્હી**

અનામતની વાત નીકળતાં જ એક નામ જરૂર સામે આવે છે અને તે છે ઈન્દિરા સાહની. ૧૯૯૨માં નરસિમ્હા રાવની સરકારે લીધેલા અનામતના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારી સાહની સમગ્ર દેશમાં ચર્ચામાં આવી ગયા હતા. તેમની અરજી પર સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે જાતિ આધારિત અનામતની લિમિટ ૫૦% નક્કી કરી હતી.સાહની હવે ફરી એકવાર સુપ્રીમ કોર્ટમાં જઈ શકે છે. આ વખતે નરેન્દ્ર મોદી સરકારને નિર્ણયને પડકારી શકે છે. વ્યવસાયે વકીલ ઈન્દિરા સાહની આર્થિક રીતે નબળા સવર્ણોને ૧૦% અનામત આપવાના નિર્ણયને કોર્ટમાં પડકારવાનું વિચારી રહ્યાં છે. મંગળવારે લોકસભામાં આ અંગેના બિલને મંજરી મળી ગઈ, જ્યારે હવે રાજ્યસભામાં ચર્ચા થઈ રહી છે.સાહનીએ કહ્યં કે, આ નિર્ણયથી સામાન્ય વર્ગના યોગ્ય ઉમેદવારોને નુકસાન પહોંચશે. તેમણે કહ્યું કે, આ બિલને કોર્ટમાં પડકારવામાં આવશે. હું



વિચારીશ કે શું મારે આ બિલ વિરુદ્ધ અરજી કરવી જોઈએ. આ બિલથી આરક્ષણની મર્યાદા ૬૦% સુધી પહોંચી જશે અને સામાન્ય વર્ગના યોગ્ય ઉમેદવારો પાછળ રહી જશે.૧૯૯૨ના નિર્ણયને યાદ કરતાં સાહનીએ જણાવ્યું કે, તેમણે દિલ્હીમાં ઝંડેવાલા એક્સટેન્શ વિસ્તારમાં એક પ્રદર્શન બાદ નિર્ણયને પડકારવાનું નક્કી કર્યું હતું. એક રેલી ચાલી રહી હતી. મેં જોયું કે સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતર્યા હતા. બે દિવસમાં મેં અરજી નાંખી હતી, પણ મને ખબર નહોતી કે આમાં આટલો સમય લાગશે.તેમણે જણાવ્યું કે, આ કેસ કેટલાય જજની બેંચ સામે આવ્યો, પછી જસ્ટિસ વેંકટચલૈયાની અધ્યક્ષતાવાળી બેંચે આ અંગે નિર્ણય કર્યો. સાહનીએ કહ્યું કે, મીડિયામાં કોર્ટની કાર્યવાહીના સમાચાર સતત આવી રહ્યાં હતાં અને સુનાવણી લાંબા સમય સુધી ચાલી. સુનાવણી બે જજની બેંચથી શરૂ થઈ હતી અને પછી ત્રણ જજની બેંચ, પાંચ જજની બેંચ, સાત જજની બેંચ અને છેલ્લે નવ જજની બેંચ આવી.નવ જજની બેંચે જ આ મામલે નિર્ણય આપ્યો હતો. જેમાં કહેવામાં આવ્યું હતું કે, જાતિ આધારિત અનામતની મર્યાદા ૫૦%થી વધારે ન હોવી જોઈએ. બેંચે આર્થિક રીતે નબળા લોકોને ૧૦% અનામત આપવાના આદેશને પણ રદ કર્યો હતો.

# મમતા બેનર્જીને આંચકો : ટીએમસીના સાંસદ સૌમિત્ર ખાન ભાજપમાં જોડાયા

## વિષ્ણુપુરથી લોકસભા સાંસદ સૌમિત્ર ખાને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની સાથે મુલાકાત કરી



**(એજન્સી) કોલકાતા**

તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના સાંસદ સૌમિત્ર ખાન ભાજપમાં જોડાઈ ગયા છે. આજે કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને પશ્ચિમ બંગાળમાં ભાજપના નેતા મુકુલ રોયની ઉપસ્થિતિમાં પાર્ટીમાં સામેલ થયા. કહેવામાં આવી રહ્યું છે કે તેનાથી ભાજપને આગામી લોકસભા ચૂંટણીમાં પશ્ચિમ બંગાળમાં મજબૂતી મળશે. વિષ્ણુપુરથી લોકસભા સાંસદ સૌમિત્ર ખાને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની સાથે મુલાકાત કરી અને પછી તેમને પાર્ટીમાં સામેલ થવાની જાહેરાત કરવામાં આવી. તેઓ પહેલા રાજ્ય વિધાનસભાના સભ્ય પણ હતા.બંગાળથી નેતાઓનું ભાજપમાં સામેલ થવાનું સતત ચાલુ છે. થોડા દિવસો પહેલા બંગાળની ફિલ્મ અભિનેત્રી મૌસમી ચટર્જી પણ ભાજપમાં સામેલ થયા હતા. આ દરમિયાન મુકુલ રોયે દાવો કર્યો છે કે ટીએમસીના વધુ પાંચ સાંસદ તેમના સંપર્કમાં છે અને તેઓ પણ ભાજપમાં જોડાઈ શકે છે.

# પીએમની બાયોપિકમાં વિવેક ઓબેરોયને જોઈ ભડક્યો પરેશ રાવલ

## વિવેક ઓબેરોયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લુકને કેરી કરવા માટે પોતાના લુક્સ અને બૉડીશેપ પર પહેલાથી કામ કરવાનું શરૂ કરી દીધું હતું

**(એજન્સી) નવીદિલ્હી**

તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર બની રહેલી બાયોપિકનું ફર્સ્ટ પોસ્ટર રીલીઝ કરવામાં આવ્યું જેનું ડાયરેક્શન ઓમંગ કુમાર રહી રહ્યાં છે. આ ફિલ્મમાં નરેન્દ્ર મોદીની ભૂમિકામાં વિવેક ઓબેરોય છે અને ફિલ્મનો ફર્સ્ટ લુક સામે આવતાં જ તેને લઈને ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.જણાવી દઈએ કે આ એકમાત્ર ફિલ્મ નથી જે પીએમ નરેન્દ્ર મોદી પર બની રહી છે. ગત વર્ષે પરેશ રાવલ પણ ઘોષણા કરી ચુક્યા છે તે તે પણ પીએમ મોદીની બાયોપિક બનાવી રહ્યાં છે. એક ઈન્ટરવ્યુમાં આ અંગે વાત કરતાં પરેશ રાવલે કહ્યું કે, કોઈપણ આ રોલ મારાથી સારો ન કરી શકે.પરેશ રાવલે એક જ સબ્જેક્ટ પર બની રહેલી બે ફિલ્મોને લઈને વાતચીત કરી છે અને કહ્યું કે મોદીની લાઈફ પર વાત કરવા માટે ડાયરેક્ટર્સ પાસે ઘણું બધુ છે. તેમણે જણાવ્યું કે તેમની ફિલ્મ મોદીના જીવનના તે હિસ્સાને હાઈલાઈટ કરશે જેમાં જણાવવામાં આવશે કે કેવી રીતે ઓછો અનુભવ હોવા છતાં એક વ્યક્તિ ગુજરાતનો મુખ્યમંત્રી અને પછી દેશનો વડાપ્રધાન બને છે.આ વાતચીતમાં તેમણે જણાવ્યું કે, તે ફક્ત ખુરશી પર બેસવા વાળા વડાપ્રધાનમાંથી નથી પરંતુ એક જનૂની દેશવાસી છે. જેણે દેશના અનેક ગામડાઓનો પ્રવાસ ખેડ્યો છે જેથી ત્યાંની સમસ્યાઓને સમજી શકે. અમારી ફિલ્મમાં મોદી સાથે સંબંધિત આ પાસાઓને દર્શાવવામાં આવશે.જણાવી દઈએ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બાયોપિકમાં પીએમ નરેન્દ્ર મોદી બનેલા વિવેક ઓબેરોયનો ફર્સ્ટ લુક સામે આવ્યો છે. ફિલ્મને ઓમંગ કુમાર ડાયરેક્ટ કરી રહ્યાં છે. વડાપ્રધાન મોદીના લુકમાં વિવિકે ઓબેરોય દમદાર લાગી રહ્યો છે. ફિલ્મનું પોસ્ટર ૨૩ અલગ-અલગ ભાષાઓમાં રીલીઝ કરવામાં આવ્યું છે. ફિલ્મનું ટાઈટલ 'પીએમ નરેન્દ્ર મોદી' રાખવામાં આવ્યું છે.વિવેક ઓબેરોયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લુકને કેરી કરવા માટે પોતાના લુક્સ અને બૉડીશેપ પર પહેલાથી કામ કરવાનું શરૂ કરી દીધું હતું. આ ફિલ્મનું શુટિંગ મિડ-જાન્યુઆરીથી શરૂ થઈ જશે અને શક્ય છે કે ફિલ્મ સામાન્ય ચૂંટણી પહેલા રિલિઝ કરી દેવામાં આવશે. ફેન્સ વડાપ્રધાન બનેલા વિવેક ઓબેરોયના લુકની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં છે. ફિલ્મમાં વિવેક ઓબેરોય વડાપ્રધાન નરેન્દ્ર મોદી બનીને કેવો લાગે છે તે તો જોવું રહ્યું.

# સવર્ણ અનામત બિલ : રામગોપાલે ઉઠાવ્યો મેરિટનો સવાલ, તો શાહે યાદ અપાવ્યું 'મુસ્લિમ અનામત'

## રાજ્યસભામાં મોદી સરકારની બહુમતી નથી તેથી સવર્ણ અનામત બિલ પાસ કરવામાં થશે

**(એજન્સી) નવીદિલ્હી**

સવર્ણ અનામત બિલ પર થઈ રહેલી ચર્ચા ઉપર બોલતાં રામગોપાલ યાદવે કહ્યું કે, જે મેરિટનો આંકડો હતો તે તમે નાનો કરી દીધો, તમે મેરિટને શોર્ટ કરી દીધો અને સંખ્યાને વધારી દીધી. એક વર્ષ બાદ આપને તેની અસર દેખાશે. યાદવની આ વાતને વચમાં અટકાવતા ભાજપ અધ્યક્ષ અમિત શાહે કહ્યું કે, તમે મેરિટની વાત કરો છો પરંતુ જ્યારે તમે મુસ્લિમ અનામત લાવ્યા તો ત્યારે શું મેરિટની સંખ્યા ઓછી નહીં થાય. તમે તો મુસ્લિમ અનામત લઈ આવ્યા, તો મેરિટથી બાળકોનું શું થશે. તમે તમારું ૨૦૧૨નો મેનિફેસ્ટો જોઈ લેજો. અગાઉ, રાજ્યસભામાં સામાજિક ન્યાય મંત્રી થાવરચંદ ગેહલોતે સવર્ણ વર્ગને અનામત આપવા સાથે જોડાયેલું બિલ રાજ્યસભામાં રજૂ કર્યું. ડીએમકે સાંસદ કનિમોજીએ બિલને સિલેક્ટ કમિટી પાસે મોકલવાની માંગ કરી. આ દરમિયાન ગૃહની કાર્યવાહીને એક દિવસ લંબાવવા મામલે વિપક્ષે હોબાળો કરી વિરોધ નોંધાવ્યો. કોંગ્રેસના આનંદ શર્માએ ભાજપ પર નિશાન સાધતા કહ્યું કે, લોકસભ ચૂંટણી યોજાવાની છે એટલે આ બિલ લાવવામાં આવી રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, અનામત આપી દીધું પરંતુ નવી નોકરીઓ તો ઊભી નથી થઈ રહી તો તેનો શું ફાયદો થશે? આ લોકોને લાલચ આપવા સમાન છે. પહેલા રોજગારી આપો, અર્થવ્યવસ્થા સુધારો પછી અનામતની વાત કરો.કોંગ્રેસના સાંસદ મધુસૂદન મિસ્ત્રીએ કહ્યું કે, કોઈ બિલને રજૂ થયાના બે દિવસ પહેલા તેની કોપી આપવી પડે છે. તેઓએ વધુમાં કહ્યું કે, એક દિવસમાં બિલ પર વોટિંગ અને તેનો પરિચય નથી આપવામાં આવતો. ગૃહ જાણવા માંગે છે કે સરકારને આ બિલ લાવવામાં આટલી ઉતાવળ કેમ છે. તેઓએ કહ્યું કે બિલ હજુ અધૂરું છે.કોંગ્રેસ નેતા આનંદ શર્માએ કહ્યું કે, ગૃહમંત્રીએ ગૃહમાં આવીને નાગરિક્તા સંશોધન બિલ પર બોલવું જોઈએ. તેઓએ કહ્યું કે, ગૃહમંત્રીને પૂર્વોત્તરને આશ્વાસન આપવું જોઈએ કે દેશની અખંડતા બની રહેશે.ઉલ્લેખનીય છે કે, સામાન્ય વર્ગના આર્થિક રીતે નબળા લોકોને ૧૦ ટકા અનામત આપનારું બિલ મંગળવારે લોકસભામાં ૩૨૩ મતોની સાથે પાસ થઈ ગયું. તેના વિરોધમાં ૩ વોટ પડ્યા. બુધવારે આ બિલ રાજ્યસભામાં રજૂ કરવાની શક્યતા છે જ્યાં સરકારની પાસે બહુમત નથી. એવામાં બુધવારે પણ સરકારની પરીક્ષા છે. લોકસભામાં વિપક્ષ સહિત લગભગ તમામ પાર્ટીઓએ બંધારણ (૧૨૪મું સંશોધન) ૨૦૧૯ બિલનું સમર્થન કર્યું. સાથે જ સરકારે દાવો કર્યો કે કાયદો બન્યા બાદ તે ન્યાયિક સમીક્ષાની અગ્નિપરીક્ષામાં પણ પાસ થશે કારણ કે તેને બંધારણ સંશોધન દ્વારા લાવવામાં આવ્યું છે.લોકસભામાં કેન્દ્રીય ન્યાય અને અધિકારરિતા મંત્રી થાવરચંદ ગેહલોતે બિલ પર થયેલી ચર્ચાનો જવાબ આપતા કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની સરકારની રચના બાદ જ ગરીબોની સરકાર હોવાની વાત કહી હતી અને પોતાના દરેક પગલાથી તેમણે સાબિત પણ કર્યું. તેમના જવાબ બાદ ગૃહમાં ૩ની સામે ૩૨૩ મતોથી બિલને પાસ કરવામાં આવ્યું.

# કોંગ્રેસની નવી મહાસચિવને પોલીસે પૂછ્યું હતુ કે 'તું એક રાતના કેટલા લઈશ?'

## અપ્સરા રેડ્ડીની અજયથી અપ્સરા બનવાની કહાણી કંઈ સરળ નથી

**(એજન્સી) નવીદિલ્હી**

અપ્સરા રેડ્ડીની અજયથી અપ્સરા બનવાની કહાણી કંઈ સરળ નથી. છોકરાના શરીરમાં જન્મ્યો એક છોકરો, જે આત્મામાં છોકરી હતી. છોકરીઓ જેમ ચાલે છે, બોલે છે, હસે છે અને પોતાની જાતને છોકરી જ સમજે છે. તેને વાળમાં ફૂલો નાખવા, માતાનાં સેન્ડલ પહેરવાનું અને મોકો મળે તો માતાની લિપસ્ટીક લગાવવી જેવા કામો કરવા એ જ અજયનું રોજનું કામ હતું. બાળપણમાં તો બધાને આ બાળપણ લાગતું હતું. તેથી બધા તેનાં પર હસતા હતા. મોટા થયા પછી એ બાળપણ ન રહ્યુ. પિતા, કુટુંબ અને સંપૂર્ણ સમાજ અજયના આ સત્યે પ્રત્યે ખૂબ જ ક્રૂર હતા. તેણે દરેક એ ક્રૂરતાનો મોટી હિંમતથી મુકાબલો કર્યો. અજય આજે અપસરા રેડ્ડી છે. કોંગ્રેસે તેમની ભારત મહિલા કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ તરીકે નિમણૂંક કરી છે. તે ન માત્ર કોંગ્રેસ પાર્ટીમાં કોઈ મોટી પોસ્ટ મેળવનાર પ્રથમ ટ્રાન્સજેડર છે, પણ કોંગ્રેસ દેશની પ્રથમ એવી પાર્ટી છે કે જેણે કોઈ ટ્રાન્સજેન્ડરને પોતાની મહાસચિવ બનાવી છે. આ એક નવી પરિવર્તનની શરૂઆત છે. પરંતુ આ પરિવર્તનનો રસ્તો ખૂબ દુખ ભરેલો રહ્યો છે. એ ત્યારની વાત છે, કે જ્યારે અપ્સરા દિલ્હીના મોટા અંગ્રેજી સમાચારપત્રમાં એક પત્રકાર તરીકે કામ કરતી હતી. એકવાર તે રાત્રીના સમયે જતી હતી. એક પોલીસે તેને રસ્તામાં ઉભી રાખી. તેમણે ગાડીનો કાચ નીચે કર્યો એટલે પોલીસના લોકોએ જોયું કે કારની અંદર જે સ્ત્રી દેખાય છે તે સ્ત્રી બેઠી છે, તે સંપૂર્ણ રીતે સ્ત્રી પણ નથી. જેવું પોલીસને જણાયુ કે તે ટ્રાન્સજેન્ડર છે, પોલીસે સીધુ પૂછ્યું કે 'કેટલા લઈશ?' અપ્સરા હેરાન હતી. ઓડીમાં બેઠેલી મહિલાને સ્કૂટર પર સવાર એક પોલીસ પૂછતો હતો કે તુ એક રાતનાં કેટલા લે છે. તે રાતને યાદ રાખીને અપ્સરા એટલું જ કહે છે કે જે લોકો પર આપણી સલામતીની જવાબદારી છે, અને જેના પર આપણે વિશ્વાસ કરીએ છીએ કે તે જ જોખમ સમયે મદદરૂપ થવાને બદલે પોતે જ આપણા માટે મોટુ જોખમ છે. દિલ્હીમાં જ્યાં મહિલાઓ એટલી અસુરક્ષિત છે, ત્યાં એક પોલીસ વાળો એક સ્ત્રીને પૂછે છે કે તે કેટલા લેશે.

# દુનિયાનો સૌથી 'દમદાર' કેપ્ટન છે વિરાટ કોહલી, ધોની સહિત વિશ્વના દિગ્ગજોને છોડ્યાં પાછળ

**(એજન્સી) નવીદિલ્હી**

ઑસ્ટ્રેલિયામાં ઐતિહાસિક વિજય મેળવ્યાં બાદ વિરાટ કોહલીનું કદ વર્લ્ડ ક્રિકેટમાં મોટુ થઈ ગયું છે. તે કેપ્ટન અને બેટ્સમેન તરીકે પોતાના દમદાર આંકડાઓના કારણે ભારતના મહાન કેપ્ટન બનવા તરફ આગળ વધી રહ્યો છે સાથે જ દુનિયામાં પણ તેનો દબદબો વધતો જઈ રહ્યો છે.વિરાટ કોહલીએ અત્યાર સુધી ૪૬ ટેસ્ટમાં કેપ્ટન્સી કરી છે અને તે ૨૬ મેચમાં જીત સાથે ભારતનો સૌથી સફળ અને દુનિયાનો ત્રીજો કેપ્ટન બની ગયો છે. ઑસ્ટ્રેલિયાના સ્ટીવ વૉ અને રિકી પોન્ટિંગે પોતાની પહેલી ૪૬ ટેસ્ટમાં ટીમની કેપ્ટન્સી કરીને અનુક્રમે ૩૪ અને ૩૩ વાર વિરોધીઓને હરાવ્યાં હતાં.વેસ્ટઈન્ડિઝ માટે આ રેકોર્ડ વિવિયન રિચર્ડઝના નામે છે જેણે ૪૬ ટેસ્ટમાં ૨૫ વાર જીત હાંસલ કરી છે.ઈંગ્લેન્ડ માટે માઈકલ વૉન અને એન્ડ્રુ સ્ટ્રોસે ૪૬ ટેસ્ટ બાદ ૨૪-૨૪ જીત હાંસેલ કરવાની સિદ્ધી મેળવી હતી.મહેન્દ્ર સિંહ ધોની, માઈકલ ક્લાર્ક, માર્ક ટેલર અને હૈંસી ક્રોનિએએ પોતાની કેપ્ટન્સીની પહેલી ૪૬ ટેસ્ટમાં ૨૩-૨૩ વાર વિરોધીઓને હંફાવ્યા હતા. જ્યારે પાકિસ્તાન માટે મિસબાહ ઉલ હકે ૨૨ વાર જીત નોંધાવી હતી.

# ચીને સમગ્ર ભારતને આવરી લેતું દરિયાઈ કોમ્પેક્ટ રડાર વિકસાવ્યું

## દક્ષિણ ચીન સાગર, હિન્દ મહાસાગર અને પ્રશાંત મહાસાગરની મોટા ભાગની માહિતી મેળવશે

**(એજન્સી) બેઇજિંગ**

ચીને સમગ્ર ભારત પર નજર રાખી શકે તેવા અત્યાધુનિક દરિયાઈ રડાર વિકસિત કર્યું હોવાનો દાવો કર્યો છે. બુધવારે ચીને રડારની માહિતી આપતા દાવો કર્યો હતો કે, ચીનમાં જ વિકસિત કરાયેલ રડાર નાના-મોટા ભાગો નહી પરંતુ સમગ્ર ભારત જેટલા મોટા વિસ્તાર પર નજર રાખી શકવાની ક્ષમતા ધરાવે છે. આ સિવાય આ રડાર સિસ્ટમ વર્તમાન ટેકનોલોજીની સરખામણીમાં દુશ્મનોના જહાજો, વિમાનો અને મિસાઈલ્સથી ઉદભવતા ખતરા પહેલા સેનાને ચેતવણી આપી દેશે. અત્યાધુનિક કોમ્પેક્ટ સાઈઝના રડારની સૌથી મોટી ખાસિયત એ છે કે, તે નેવીના વિમાનવાહકમાં તૈનાત કરાયા પછી સમગ્ર ભારત પર નજર રાખી શકશે. ચીનના રાષ્ટ્રપતિએ રડાર વિકસાવવા બદલ યોંગતાન અને અન્ય એક મિલિટરી વિજ્ઞાનીક કિયાન ક્વિહૂને વિજ્ઞાન ક્ષેત્રે એનાયત કરવામાં આવતા દેશના સૌથી મોટા પુરસ્કારથી સન્માનિત કર્યા હતા, જે પરથી ખ્યાલ આવે છે કે આ કોમ્પેક્ટ રડાર ચીન માટે ઘણું જ મહત્વનું છે. પીપલ્સ લિબરેશન આર્મી મુજબ પહેલા પ્રણાલીગત સાધનોની મદદથી ચીનના દરિયાઈ વિસ્તારના માત્ર ૨૦ ટકા ભાગમાં ઉપર જ નજર રાખી શકાતી હતી, પરંતુ નવી ટેકનોલોજીએ આર્મીને બહુ મોટા વિસ્તાર પર નજર રાખવા માટે સક્ષમ બનાવી છે. ચીન આ રડારની મદદથી સમુદ્રમાં, ખાસ કરીને દક્ષિણ ચીન સાગર, હિન્દ મહાસાગર અને પ્રશાંત મહાસાગરની મોટા ભાગની માહિતી મેળવી શકશે.

# કોંગ્રેસના દબાવમાં મુખ્યમંત્રી નહીં ક્લાર્ક બની ગયો છું, કુમારસ્વામીએ ઠાલવ્યો બળાપો

## ગયા મે મહિનામાં ભાજપને સત્તા પરથી હટાવવા માટે જેડીએસે કોંગ્રેસ સાથે હાથ મિલાવી લીધો હતો

**(એજન્સી) બેંગ્લુરૂ**

કર્ણાટકમાં જેડીએસ અને કોંગ્રેસના સંબંધ સતત વણસી રહ્યાં હોય તેવુ દ્રષ્ટિગોચર થઈ રહ્યું છે. ગઠબંધન સરકારની આગેવાની લેનારા મુખ્યપ્રધાન એચડી કુમારસ્વામીએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે કર્ણાટકની સરકાર આગામી લોકસભા ચૂંટણી બાદ વધુ સમય સુધી સત્તા જાળવી શકશે નહીં.જેડીએસના ધારાસભ્યો અને એમએલસની બેઠકને સંબોધન કરતી વેળાએ કર્ણાટકના મુખ્યપ્રધાન કુમારસ્વામી ભાવુક થઈ ગયા. તેમણે કહ્યું કે તેઓ દરેક વાતમાં કોંગ્રેસના હસ્તક્ષેપને કારણે મુખ્યપ્રધાનની જેમ નહીં, પરંતુ એક ક્લાર્કની જેમ કામ કરી રહ્યાં છે.જેડીએસના કેટલાંક ધારાસભ્યોના જણાવ્યા મુજબ, કુમારસ્વામીએ ગઠબંધનની સરકાર બન્યા બાદ જેડીએસ સામે આવતી મુશ્કેલીઓ અંગે જણાવ્યું. ઉલ્લેખનીય છે કે ગયા મે મહિનામાં ભાજપને સત્તા પરથી હટાવવા માટે જેડીએસે કોંગ્રેસ સાથે હાથ મિલાવી લીધો હતો. કુમારસ્વામીએ કહ્યું કે, કોંગ્રેસના નેતા તેમની સાથે બધી પ્રક્રિયા કરાવવા માટે મજબૂર કરી રહ્યાં છે, જે તેમના પક્ષમાં છે અને તેને માનવા સિવાય તેમની પાસે કોઈ અન્ય વિકલ્પ પણ નથી. તેમણે જણાવ્યું કે તેઓ ખૂબ દબાણમાં કામ કરી રહ્યાં છે અને કોંગ્રેસના નેતા હંમેશા આશા રાખે છે કે કુમારસ્વામી તેમનુ કહેવાનુ માને.બેઠકમાં ઉપસ્થિત એક ધારાસભ્યએ કહ્યું, 'તેઓ દુઃખી અને ભાવુક થયાં. અમને જણાવ્યું કે કોંગ્રેસ તેમની પર દબાણ બનાવી રહી છે અને દરેક પ્રકારના આદેશો પર હસ્તાક્ષર કરવા માટે મજબૂર કરી રહી છે. તેમને મંત્રીમંડળના વિસ્તાર માટે પણ મજબૂર કર્યા અને ત્યાં સુધી કે તેમની મંજૂરી વગર સરકાર નિયંત્રિત બોર્ડ અને નિગમો માટે અધ્યક્ષની નિમણુંક પણ કરી દીધી. ગુજરી રહેલા દિવસોની સાથે આ બધુ તેમના માટે વધુ કપરું બની રહ્યુ છે.બેઠકમાં ઉપસ્થિત રહેલા જેડીએસ સુપ્રીમો અને પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાએ ધારાસભ્યોને આશ્વાસન આપ્યું છે કે તેઓ ગઠબંધનની વિરુદ્ધ કશુ કરશે નહી, જ્યાં સુધી સૌથી મહત્વપૂર્ણ સંસદ ચૂંટણી સમાપ્ત થાય નહીં. વધુમાં જણાવ્યું કે તેઓ કર્ણાટકથી ઓછામાં ઓછી અડધો ડઝન લોકસભા બેઠકો જીતવા પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યાં છે અને તેઓ કોઈ પણ અનિચ્છનીય પગલુ ઉઠાવીને પાર્ટીને મુશ્કેલીમાં મૂકવા માગતા નથી.

# મલાઈકા અર્જુનનાં કારણે સલમાને બોનીનાં બે પ્રોજેક્ટ છોડ્યા

## બોની કપૂરે સલમાનને 'વૉન્ટેડ-૨' અને 'નો એન્ટ્રી મે એન્ટ્રી'માં સાઈન કર્યો હતો

**(એજન્સી) નવીદિલ્હી**

અર્જુન કપૂર સાથે મલાઈકા અરોરાનો સંબંધ અત્યારે બોલીવુડમાં ચર્ચામાં છે. આ સંબંધને લઈને સલમાન ખાન અને અર્જુન કપૂર વચ્ચે તિરાડ પડી હોવાની વાત પણ સામે આવી હતી. તો હવે સમાચાર આવી રહ્યા છે કે મલાઈકા સાથેનાં અફેરની કિંમત બોની કપૂરે ચુકવવી પડી છે. સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે બોની કપૂરે ૨ મોટા પ્રોજેક્ટ માટે સલમાન ખાનને સાઈન કર્યો હતો. બોની કપૂરે સલમાનને 'વૉન્ટેડ-૨' અને 'નો એન્ટ્રી મે એન્ટ્રી'માં સાઈન કર્યો હતો, પરંતુ સલમાન ખાને બંને પ્રોજેક્ટ કરવાની ના કહી દીધી છે.સલમાન ખાને પ્રોજેક્ટ છોડવાનું કારણ નથી જણાવ્યું, કહેવામાં આવે છે કે અર્જુન કપૂર અને મલાઈકાનાં સંબંધને કારણે સલમાને આ પ્રોજેક્ટને ડ્રોપ કરી દીધો છે. આ બંને ફિલ્મોનાં પહેલા પાર્ટમાં સલમાન જોવા મળ્યો હતો. 'વૉન્ટેડ' ફિલ્મથી સલમાન



ખાનનાં કેરિયરને નવી દિશા મળી હતી. ઉલ્લેખનીય છે કે અર્જુન કપૂર અને મલાઈકા અરોરા ઘણીવાર પોતાના સંબંધને જાહેર કરતા જોવા મળ્યા છે.જોવા જઈએ તો સલમાન ખાનની અર્જુન કપૂર પ્રત્યે નારાજગી નવી નથી. કથિત રીતે અર્જુન કપૂર સલમાન ખાનની બહેન અર્પિતા ખાનને ડેટ કરી ચુક્યો છે. બંનેનો સંબંધ લાંબો ચાલ્યો નહોતો. ત્યારબાદ અર્જુન કપૂરની દોસ્તી મલાઈકા સાથે થઈ. કેટલાક રીપોર્ટમાં અરબાઝ અને મલાઈકાનાં તલાકનું કારણ અર્જુનને માનવામાં આવ્યો છે. જો કે સલમાનનાં બોની કપૂર સાથે સંબંધો ઘણા સારા રહ્યા છે. થોડાક દિવસો પહેલા મલાઈકા અર્જુન કપૂરનાં પરિવાર સાથે પણ જોવા મળી હતી.વર્કફ્રન્ટની વાત કરીએ તો સલમાન ખાન અત્યારે 'ભારત' ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો છે. તો અર્જુન કપૂર 'પાનીપત' ફિલ્મનાં શૂટિંગમાં વ્યસ્ત છે.

# અયોધ્યા મામલામાં ચીફ જસ્ટિસ ગોગોઈએ પરંપરા તોડી ત્રણ જજની બેંચના નિર્ણયને પલટ્યો

## રામ જન્મભૂમી મામલાની સુનાવણી ૧૦ જાન્યુઆરીથી પાંચ જજની સંવિધાનિક પીઠ કરશે

**(એજન્સી) નવીદિલ્હી**

ભારતના પ્રધાન ન્યાયાધિશ રંજન ગોગોઈનો રામ જન્મભૂમી-બાબરી મામલામાં સંવિધાનિક પીઠ બનાવવાનો નિર્ણય ઘણો ચોંકાવનારો છે. સાથે આ નિર્ણય પોતાની રીતનો પહેલો છે. સુપ્રીમ કોર્ટમાં આવું પહેલા ક્યારે પણ થયું નથી, જ્યારે મુખ્ય ન્યાયાધિશના પ્રશાસનિક આદેશ પર એક સંવિધાનિક પીઠની રચના કરવામાં આવી હોય અને તેની માટે કોઈ નાની બેન્ચે સલાહ પણ નથી આપી અને ના આવા કોઈ પ્રશ્ન સામે આવ્યા, જેના કારણે આ રીતની બેંચની જરૂરત પડે. જસ્ટિસ ગોગોઈનો આદેશ એટલા માટે અનોખો છે, કારણ કે, આનાથી આજ મામલામાં ત્રણ જજની બેંચના તે આદેશને પણ રદ કરી દેવામાં આવ્યો, જેમાં સંવિધાનિક પીઠની માંગને ફગાવી દેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રીએ મંગળવારે સાંજે એક નોટિસ જાહેર કરી છે. આમાં કહેવામાં આવ્યું છે કે, રામ જન્મભૂમી મામલાની સુનાવણી ૧૦ જાન્યુઆરીથી પાંચ જજની સંવિધાનિક પીઠ કરશે. આ પીઠમાં મુખ્ય ન્યાયાધિશ ગોગોઈ, જસ્ટિસ એસ બોબડે, એનવી રમના, ઉદય લલિત અને ડીવાય ચંદ્રચૂડ સામેલ હશે.ગત સાત સપ્ટેમ્બરમાં ત્રણ જજની બેંચે પોતાના આદેશમાં કહ્યું હતું કે, રામ જન્મભૂમી-બાબરી મામલાને સંવિધાનિક પીઠને મોકલવા માટેની કોઈ જરૂરત નથી. ૨-૧ના નિર્ણયમાં કહેવામાં આવ્યું હતું કે, આ મામલાને પૂરી રીતે જમીન વિવાદની જેમ સાંભળવામાં આવશે.

# જયંતિ ભાનુશાળી હત્યા કેસ મામલે રાજ્ય સરકારે દોષિતો સામે કડક પગલાં લેવાની ખાતરી આપી

## ગૃહવિભાગ દ્વારા જયંતિ ભાનુશાળીની હત્યાના બનાવના મૂળમાં જઈ ન્યાયિક અને સઘન રીતે તપાસ હાથ ધરવા માટે પોલીસતંત્રને સૂચના આપવામાં આવી

**(પ્રતિનિધિ)ગાંધીનગર**

જયંતિ ભાનુશાળી હત્યા કેસ મામલે રાજ્ય સરકારે દોષિતો સામે કડક પગલાં લેવાની ખાતરી આપી છે. ગૃહરાજ્યપ્રધાન પ્રદિપસિંહ જાડેજાએ કેસ મામલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે ગૃહવિભાગ દ્વારા જયંતિ ભાનુશાળીની હત્યાના બનાવના મૂળમાં જઈ ન્યાયિક અને સઘન રીતે તપાસ હાથ ધરવા માટે પોલીસતંત્રને સૂચના આપવામાં આવી છે. કેબિનેટની બેઠકમાં ભાનુશાળીની હત્યાની ઘટનાને વખોડી કાઢવામાં આવી હતી.સાથે જ તેમની તપાસમાં રચવામાં આવેલી એસઆઈટી અને તપાસ માટે લેવાયેલા પગલાં અંગે પણ ચર્ચા કરાઈ હતી. તેમણે કહ્યું કે ભાનુશાળીની હત્યામાં જે પણ સામેલ હશે તેમની સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવશે. પ્રદિપસિંહે જણાવ્યું કે ગુનેગાર કોઈ પણ પક્ષના હશે તેને બક્ષવામાં નહીં આવે. એસઆઈટી દ્વારા હત્યા કેસની તપાસ યુદ્ધના ધોરણે હાથ ધરાઈ રહી છે. સાથે જ ફોરેન્સિક તેમજ બેલેસ્ટિક એક્સપર્ટ તેમજ ફિંગરપ્રિન્ટ એક્સપર્ટ્સની પણ મદદ લેવામાં આવી રહી હોવાનું ગૃહરાજ્યપ્રધાને જણાવ્યું.